# ગણિત

## ધોરણ બીજું



# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર) - ૧૪૪૧ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

## મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440623**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૨૩) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, પુણે દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે તેમ જ તેમના દ્વારા આ પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે. શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની રોજની બેઠક માં ૧૧-૦૩-૨૦૨૬ આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.



# ગણિત

## ધોરણ બીજું


મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪


બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દશ્ય, શ્રાવ્ય અને દશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૨૬ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


**ગણિત વિષય સમિતિ**

શ્રી. વિવેક પુરાણિક (અધ્યક્ષ)
શ્રી. સુનીલ બાવિસ્કર (સદસ્ય)
શ્રી. અશ્વિન કિનારકર (સદસ્ય)
શ્રી. નાગેશ ક્યાતમવાર (સદસ્ય)
શ્રી. ઉમેશ નેવસે (સદસ્ય)
શ્રી. અરૂણ બૈસ (સદસ્ય)
શ્રી. અભિજીત બંગાળે (સદસ્ય)
શ્રીમતી પદ્‌મજા બંગાળે (સદસ્ય)
શ્રીમતી સોનાલી કુલકર્ણી (સદસ્ય)
અશરફ અલી બશીર અહમદ અન્સારી (સદસ્ય)
શ્રી. સુનિલ ખાંડેકર (સદસ્ય)
શ્રી. જ્ઞાનેશ્વર ઝગરે (સદસ્ય)
શ્રી. પ્રતાપસિંહ મોહિતે (સદસ્ય)
શ્રીમતી પ્રિયંકા બાવિસ્કર (સદસ્ય)
ડૉ. મનિષા યાદવ (અભ્યાસક્રમ સમન્વયક)
શ્રીમતી વૃષાલી ગાયકવાડ (અભ્યાસક્રમ સમન્વયક)
શ્રી. બાળકૃષ્ણ માપારી (સદસ્ય સચિવ)

**ગુણવત્તા સમીક્ષક**

શ્રી. વિનાયક ગોડબોલે
ઍડ. ઈશાની જોશી
શ્રીમતી વર્ષા ઘટ્ટૂ

**સંયોજન**

**શ્રી. બાળકૃષ્ણ માપારી**
વિશેષાધિકારી, ગણિત (વિ.કા.)

**મુખપૃષ્ઠ અને ચિત્રકાર**

શ્રી. વિવેકાનંદ પાટીલ

**ભાષાંતર :** શ્રી. ધીરેન મનસુખલાલ દોશી

**ભાષાંતર સંયોજન**

શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ તથા
કાર્યકારી વિદ્યાસચિવ (ભાષા)
પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪



**અક્ષરગુંથણી**

મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪

**કાગળ**

૭૦ જી.એસ.એમ. ક્રીમવોવ્હ

**મુદ્રણાદેશ**

N/PB/2026-27/1,200

**મુદ્રક**

M/S. SHARP INDUSTRIES, RAIGAD

**નિર્મિતિ**

**શ્રીમતી મિતાલી શિતપ**
કાર્યકારી, મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. નિતીન વાણી**
નિર્મિતિ અધિકારી

**પ્રકાશક**

**શ્રી. હેમંત બાબર**
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાન સભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

# નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત–ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

# પ્રસ્તાવના

મારા બાળમિત્રો, શિક્ષકો તેમજ વાલીઓને સસ્નેહ નમસ્કાર.

રાષ્ટ્રીય શિક્ષણ ધોરણ ૨૦૨૦ અનુસાર તૈયાર કરાયેલ, રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા પાયાભૂત સ્તર-૨૦૨૪માં વ્યક્ત કરાયેલ પાઠ્યપુસ્તક વિષયક અપેક્ષાને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલ, ધોરણ બીજાનું ગણિતનું પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં ખૂબ આનંદ થાય છે.

પાઠ્યપુસ્તકનો આશય પાયાભૂત શિક્ષણ અભ્યાસક્રમ રૂપરેખા-૨૦૨૪માં, ધોરણ બીજાના ગણિત વિષય માટે આપેલા અભ્યાસક્રમના ધ્યેય, ક્ષમતા અને અધ્યયન નિષ્પત્તિ સાથે સુસંગત છે. અધ્યયન નિષ્પત્તિનો વિચાર કરીને ઘટકોની રચના કરવામાં આવી છે. પાઠ્યપુસ્તકનો આશય વિકાસ ક્ષેત્ર સાથે સુસંગત છે, તેમજ તેમાં પંચકોશ અને એકવીસમા શતકના કૌશલ્યનો અંતર્ભાવ કરવામાં આવ્યો છે.

ધોરણ બીજાના બાળકોની રૂચિને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકમાં આશયની રચના કરતી વખતે ભરપૂર રંગીન અને આકર્ષક ચિત્રો આપવામાં આવ્યા છે. પાઠ્યપુસ્તકમાં આપેલા ચિત્રો વિદ્યાર્થીઓના પૂર્વાનુભવ સાથે જોડાયેલા, ધ્યાનાકર્ષક, પાઠ્યપુસ્તકના આશય સાથે સંબંધિત, સર્વસમાવેશક સમાનતાનો સંદેશ આપનારા, તેમજ આગળના અભ્યાસક્રમમાં મદદરૂપ થનાર છે. પાઠ્યપુસ્તકમાં આશયની માંડણી કરતી વખતે ગાણિતિક સંકલ્પના સરળ ભાષામાં સ્પષ્ટ કરવામાં આવી છે. તે માટે વિવિધ ચિત્રો, બાળકોના ભાવવિશ્વ સંબંધિત વિવિધ પ્રસંગ, સંવાદ, પરિસરમાંની વિવિધ વસ્તુઓ, ગણિતપેટીમાંના સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગાણિતિક સંકલ્પનાના દઢીકરણ માટે પાઠ્યપુસ્તકમાં પૂરતા ઉદાહરણ આપવામાં આવ્યા છે. પાઠ્યપુસ્તકમાં બાળકોના ભાવવિશ્વને ધ્યાનમાં રાખીને કાઠિન્ય સ્તરના ચઢતા ક્રમમાં, બાળકોને ગાણિતિક સંપ્રેષણની તક મળે એવા ઉદાહરણ મૂકવામાં આવ્યા છે. મહાવરા માટે આપેલા ઉદાહરણોમાં પણ ચિત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પાઠ્યપુસ્તકમાં કોયડા, કરી જુઓ, પ્રકલ્પ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. વાર્તા, કૃતિ, રમતના માધ્યમથી પાઠ્યપુસ્તક બાળસ્નેહી બનાવી, બાળકોને શિક્ષણ મનોરંજક અને આનંદદાયી લાગે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ઉજ્જવળ ભવિષ્ય માટે સૌને શુભેચ્છા !

પુણે

**દિનાંક : ૧૯ માર્ચ ૨૦૨૬**

**ભારતીય સૌર દિનાંક : ચૈત્ર શુ. ૧, શકે ૧૯૪૮, ગુડીપડવો**

**(અનુરાધા ઓક)**

**સંચાલક**

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

## અધ્યયન ક્ષમતા અને અધ્યયન નિષ્પત્તિ

**અભ્યાસક્રમ ધ્યેય :** બાળકો રાશિ, આકાર અને માપન દ્વારા ગાણિતિક આકલન (સમજ) અને જગતને સમજવાની ક્ષમતા વિકસિત કરે છે.

| અધ્યયન ક્ષમતા | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| (૧) એક કરતા વધુ ગુણધર્મના આધારે વસ્તુના જૂથ-પેટાજૂથ તૈયાર કરે છે. | વસ્તુના જૂથ અને પેટાજૂથ તૈયાર કરે છે. દા.ત. બ્લૉકસનું જૂથ, પહેલા રંગ પર આધારિત જૂથ અને ત્યારબાદ સમાન રંગમાં પણ આકાર પ્રમાણે ત્યારબાદ માપ પ્રમાણે બ્લોકસ જુદા પાડે છે. ઝાડનો આકાર અને વેલા ઓળખે છે. તેમાં પણ ફળવાળા વૃક્ષ અને ફળ ન આવે તેવા વૃક્ષ, તેમાં પણ ખાવા યોગ્ય ફળ અને અખાદ્ય ફળ એવું વર્ગીકરણ કરે છે. | ૭૬,૭૭ |
| (૨) પોતાના પરિસરમાં આકાર અને સંખ્યાથી બનતા સરળ આકૃતિબંધને ઓળખે છે અને તેનો વિસ્તાર કરે છે. | આકૃતિબંધના નિયમોનું વર્ણન કરે છે અને સંખ્યા, ચિહ્ન, તર્ક પર આધારિત અમૂર્ત આકૃતિબંધમાં તેનો ઉપયોગ કરે છે. દા.ત. ચિત્ર દોરતી વખતે, રંગ પૂરતી વખતે, રંગનો ઉપયોગ કરીને આકૃતિબંધ તૈયાર કરવા, સમાન ટપકાં, ચિહ્નો વડે વિવિધ આકૃતિબંધ તૈયાર કરે છે. | ૭૮થી ૮૧ |
| (૩) ૯૯ સુધીની સંખ્યાને ૧૦ અને ૨૦ ટપ્પે આગળ અને પાછળ એમ બંને રીતે ગણે છે. | સંખ્યા પટ્ટી પર/ કાગળ પર બ્લૉક્સ વડે/ચિત્ર વડે બે અથવા ત્રણના ટપ્પે ગણતરી કરે છે. | ૨૨, ૨૩ |
| | ૦થી ૯૯ સુધીની ભારતીય સંખ્યાનું વાંચન અને લેખન કરે છે. | ૫થી ૧૦ |
| | ૧૦, ૨૦, ૩૦ના જૂથ પાડીને ૯૯ સુધીની સંખ્યા ગણે છે. | ૮થી ૧૦ |
| | બે જૂથમાંની સંખ્યા રાશિ ઓળખે છે. (દા.ત. ૧૦ના બે જૂથ એટલે ૨૦) | ૮થી ૧૦ |
| (૪) ૯૯ સુધીની સંખ્યાને ચઢતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે. | આપેલી સંખ્યાને ચઢતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે. (૯૯ સુધીની) | ૧૯થી ૨૧ |
| (૫) સ્થાનિક કિંમતનો ઉપયોગ કરીને ૯૯ સુધીની સંખ્યા દર્શાવવા માટે સંખ્યાચિહ્નનો ઉપયોગ કરે છે અને સંખ્યા ઓળખે છે. | સ્થાનિક કિંમતની સંકલ્પના વાપરીને ૯૯ સુધીની સંખ્યા ઓળખે છે, વાંચે છે અને શબ્દમાં લખે છે. | ૫થી ૧૩ |
| | મોટામાં મોટી અને નાનામાં નાની બે અંકી સંખ્યા તૈયાર કરે છે અને તેમની તુલના કરે છે. (આપેલા અંકને એક જ વાર વાપરીને તેમ જ ફરી ફરી વાપરીને બે અંકી સંખ્યા તૈયાર કરે છે.) | ૧૪થી ૧૮ |
| (૬) સંખ્યાની જોડતોડ અને સંખ્યાના જૂથ તૈયાર કરવા જેવી કાર્યનિતીનો ઉપયોગ કરીને ભૂલ વગર બે અંકી સંખ્યાના સરવાળા અને બાદબાકી કરે છે. | સરવાળો અને બાદબાકી કરવા માટે 'સંખ્યાના જૂથ પાડવા' અથવા 'સંખ્યા તોડવી' જેવી લવચિક કાર્યનિતીનો ઉપયોગ કરે છે. દા.ત. ૫૭ +૩૩ કરતી વખતે, ૩૩માંથી ૩ લઈને ૫૭માં ઉમેરતા મળતા ૬૦માં, ૩૦ ઉમેરીને ૯૦ જવાબ મેળવે છે. | ૬૪થી ૬૭, ૭૨થી ૭૫ |
| | સ્થાનિક કિંમતની સંકલ્પનાનો ઉપયોગ કરીને બે સંખ્યાનો સરવાળો કરે છે. (જેનો સરવાળો ૯૯ કરતો ઓછો હોય) રોજિંદા જીવનમાં આવતી સમસ્યાના નિરાકરણ માટે તેનો ઉપયોગ કરે છે. | ૨૪થી ૨૮, ૬૦થી ૬૩ |
| | સ્થાનિક કિંમતની સંકલ્પનાનો ઉપયોગ કરીને ૯૯ સુધીની બે અંકી સંખ્યાની બાદબાકી કરે છે અને રોજિંદા જીવનમાં આવતી સમસ્યાનાં નિરાકરણ માટે તેનો ઉપયોગ કરે છે. | ૨૯થી ૩૩, ૬૮થી ૭૧ |
| | સરવાળા અને બાદબાકી વચ્ચેનો સંબંધ સમજે છે અને તેનો ઉપયોગ કરે છે. | ૩૪, ૩૫ |
| | પરિચિત પરિસ્થિતિમાંના ઉદાહરણ ગણતી વખતે યોગ્ય ગાણિતિક ક્રિયા ઓળખે છે. (સરવાળો અને બાદબાકી) | ૨૭, ૩૨, ૩૩, ૬૩, ૭૧, ૭૨ |
| | સાદા શાબ્દિક ઉદાહરણ સમજે છે અને ગણે છે. | ૨૭, ૩૨, ૩૩, ૬૩, ૭૧, ૭૨ |
| (૭) ગુણાકાર એટલે ફરી ફરી સરવાળો અને ભાગાકાર એટલે સમાન વહેંચણી તે સમજે છે. | ફરી ફરી સરવાળો કરીને ૯૯ સુધીની સંખ્યાના સાદા ગુણાકાર કરે છે. (જવાબમાં ૯૯સુધીની સંખ્યા મળે તેવા) | ૩૬થી ૪૪, ૯૭થી ૮૮ |
| | ફરી ફરી બાદબાકીનો ઉપયોગ કરીને ભાગાકાર કરવા માટે ૯૯ સુધીની સંખ્યાના કેટલા જૂથ તૈયાર કરવા પડશે તે કહે છે. | ૧૦૦થી ૧૦૩ |

| | | |
|---|---|---|
| (૮) મૂળભૂત ભૌમિતિક આકારોને તેમના નિરીક્ષણક્ષમ ગુણધર્મના આધારે ઓળખે છે, તૈયાર કરે છે અને વર્ગીકરણ કરે છે. તેમજ વસ્તુના અવકાશીય સાપેક્ષ સંબંધ સમજે છે અને સ્પષ્ટ કરે છે. | ત્રિમિતીય આકારોના નામ ઓળખે છે. (દા.ત. ઘન, લંબઘન, શંકુ, નળાકાર, ગોળ) અને તેમની નિરીક્ષણક્ષમ વિશેષતાઓના આધારે તેમનું વર્ણન કરે છે. દા.ત. ઘનને ૬ પૃષ્ઠભાગ હોય છે. | ૧થી ૪ |
| | દ્વિમિતીય આકારોના નામ ઓળખે છે. (દા.ત. ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, વર્તુળ) નિરીક્ષણક્ષમ વિશેષતાના આધારે તેમનું વર્ણન કરે છે. દા.ત. પુસ્તકના પાનાનો આકાર લંબચોરસ છે, તેને ૪ ધાર અને ૪ ખૂણા હોય છે. | ૫૩થી ૫૯ |
| | સરળરેખા અને વક્રરેખા વચ્ચેનો તફાવત ઓળખે છે. જુદીજુદી રીતે સીધી રેખા (orientation) દોરે છે. દા.ત. ઊભી / આડી / ત્રાંસી | ૫૪,૫૫ |
| | ત્રિમિતીય વસ્તુની મદદથી (tracing) દ્વિમિતીય આકૃતિઓ દોરે છે. | ૫૭ |
| | વસ્તુના પડછાયાનું નિરીક્ષણ કરીને વસ્તુ ઓળખે છે. | ૫૬ |
| (૯) નજીકના પરિસરમાંની વસ્તુની લંબાઈ, વજન અને આકાર અનુસાર સહેલું માપન કરવા માટે સાધન અને એકમ પસંદ કરે છે. | સમાન (અપ્રમાણિત) એકમની મદદથી નાના અને મોટા માર્ગની લંબાઈ અને અંતર માપે છે. | ૪૫થી ૪૮ |
| | પેન્સિલ, સળી, કપ, બાલદી, ચમચી જેવા સમાન અપ્રમાણિત એકમનો ઉપયોગ કરીને ધારકતા, લંબાઈ, અંતર વિશે અનુમાન કરે છે અને માપન કરે છે. | ૪૮, ૫૧, ૫૨ |
| | સાદો વજનકાંટો વાપરવાની જરૂરિયાત સમજે છે. | ૪૯, ૫૦ |
| | સાદો વજનકાંટો વાપરીને આપેલી વસ્તુના વજનની તુલના કરે છે. | ૫૦ |
| | વાસણને તેના કદ પ્રમાણે ક્રમાનુસાર ગોઠવે છે અને ચકાસે અથવા પ્રત્યક્ષપણે ભરીને તથા ખાલી કરીને ચકાસે છે. | ૫૨ |
| (૧૦) મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયા અને મહિનામાં સમયનું માપન કરે છે. | ઋતુના ક્રમનો અનુભવ કરે છે. (સ્થાનિક વિવિધતાને ધ્યાનમાં રાખીને) | ૮૩ |
| | દિવસ અને કલાકના પ્રમાણિત એકમના આધારે સમયનું માપન કરે છે. દા.ત. અઠવાડિયામાં ૭ દિવસ અને દિવસના ૨૪ કલાક. | ૮૨, ૮૪ થી ૯૧ |
| (૧૧) ૧૦૦ રૂપિયા સુધીનો સાદો વ્યવહાર કરે છે. | વિવિધ સિક્કા અને નોટ વાપરીને ૧૦૦ રૂપિયા સુધીની રકમ તૈયાર કરે છે. | ૯૨થી ૯૬ |
| (૧૨) રાશિ, આકાર, અવકાશ અને માપનના આકલન, સંકલ્પના અને સંબંધિત પ્રક્રિયા વ્યક્ત કરવા માટે પૂરતો અને યોગ્ય શબ્દભંડોળ વિકસિત કરે છે. | લખાણનો અર્થ સમજીને તેમાં સમાવિષ્ટ સરળ ગાણિતિક સમસ્યા ઓળખે છે. | ૭૬, ૭૭ |
| | સાદા, ગાણિતિક કોયડા અને કુટપ્રશ્ન તૈયાર કરે છે. | ૧૦૪થી ૧૧૦ |
| (૧૩) રાશિ, આકાર, અવકાશ અને માપન સંબંધિત સાદું ગણિત ઉકેલે છે અને તૈયાર પણ કરે છે. | સાદી ગાણિતિક સમસ્યાઓ ઉકેલવાના વિવિધ માર્ગ વિશે ચર્ચા કરે છે. | ૧૦૫, ૧૦૭ |
| | ત્રુટિ શોધવા માટે જવાબની પુનર્તપાસણી કરે છે. | ૭, ૧૦૪ |
| | પરિમાણ સંબંધિત રમત અને કોયડા ઉકેલે છે. | ૧૦૫, ૧૧૦ |

## પાઠ્યપુસ્તક વાંચતી વખતે..

**શિક્ષક, વાલી અને સુલભકે**

- ચિત્રો, કોષ્ટક, રચના, પ્રસંગનું નિરીક્ષણ કરો, શીખી લો, કૃતિ/ઉપક્રમ, રમત, ગાણિતિક સંવાદ જેવા માધ્યમો વડે તેમ જ ગાણિતિક પેટી તથા પરિસરમાં ઉપલબ્ધ સાહિત્ય વડે ગાણિતિક સંકલ્પનાઓ સ્પષ્ટ કરવી.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓને મૂર્ત અને નિરીક્ષણક્ષમ વસ્તુઓની મદદથી મૂર્ત અધ્યયન અનુભવ આપવા. વસ્તુ→ચિત્ર→પ્રતીક→સંખ્યાચિન્હ જેવો મૂર્તથી અર્ધમૂર્ત તરફ અને અર્ધમૂર્તથી અમૂર્ત તરફ લઈ જનાર, Hands on to Minds on નો શિક્ષણનો શાસ્ત્રોક્ત પ્રવાસ કરાવવો.
- નવીનતાપૂર્ણ, વિચારપ્રવર્તક, જિજ્ઞાસા જાગૃત કરનાર, સર્જનશીલ, ચિકિત્સક વિચારની તક આપનાર, સ્વયં અધ્યયનને પોષક એવા વિવિધ ઉદાહરણો આપવા. તેના દ્વારા સંબોધનું દ્રઢીકરણ અને ઉપાય યોજના કરવી.
- વિદ્યાર્થીઓને માત્ર દાખલા / પ્રશ્ન ઉકેલવાને બદલે, ઉદાહરણો /પ્રશ્નો તૈયાર કરવાની તક પણ મળે એનો વિચાર પાઠ્યપુસ્તકમાં અમુક સ્થાને કરવામાં આવ્યો છે. તેનો વધુમાં વધુ વિસ્તાર કરવો.
- બહુતાંશ દરેક ઘટકમાં અધ્યયન નિષ્પત્તિનો અંતર્ભાવ કરવામાં આવ્યો છે, તે ધ્યાનમાં રાખવું.
- પાઠ્યપુસ્તકના ઘટકની નીચે તેના અધ્યાપન વિષયક સૂચના માર્ગદર્શન આપવામાં આવ્યું. છે, તમે તમારી સ્થાનિક પરિસ્થિતિ, બોલીભાષા અને પરિસરના ઉદાહરણ અનુસાર તમારી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં આવશ્યકતાનુસાર ફેરફાર કરી શકો છો.
- વર્ગના દરેક વિદ્યાર્થીઓને દરેક ગાણિતિક સંકલ્પનાઓ બરાબર સમજાણી છે, તેની ખાતરી કરવી.
- વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા કરતી વખતે સાંકેતિક ભાષા (સાઈન લેંગ્વેજ) તથા અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય, તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

# અનુક્રમણિકા


| અ.ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | ભૌમિતિક આકાર શીખીએ ભાગ-૧ | ૧ |
| ૨ | સંખ્યા – અંકમાં અને શબ્દમાં | ૫ |
| ૩ | એકમ અને દશક | ૮ |
| ૪ | દાર્શનિક કિંમત અને સ્થાનિક કિંમત | ૧૧ |
| ૫ | સંખ્યાનું નાના-મોટાપણું | ૧૪ |
| ૬ | ત્રણ સંખ્યાનો ચઢતો અને ઉતરતો ક્રમ | ૧૯ |
| ૭ | ટપ્પે ગણતરી | ૨૨ |
| ૮ | સરવાળો | ૨૪ |
| ૯ | બાદબાકી | ૨૯ |
| ૧૦ | સરવાળા-બાદબાકી : સહસંબંધ | ૩૪ |
| ૧૧ | ગુણાકાર | ૩૬ |
| ૧૨ | માપન | ૪૫ |
| ૧૩ | ભૌમિતિક આકારો શીખીએ ભાગ – ૨ | ૫૩ |
| ૧૪ | સરવાળા (વદીયુક્ત) | ૬૦ |
| ૧૫ | બાદબાકી (દશક છૂટો કરીને, પાછળ ગણીને) | ૬૮ |
| ૧૬ | માહિતી મેળવીએ | ૭૬ |
| ૧૭ | આકૃતિબંધ | ૭૮ |
| ૧૮ | સમયમાપન | ૮૨ |
| ૧૯ | બાળ આનંદમેળો | ૯૨ |
| ૨૦ | ગુણાકારનો ઉપયોગ | ૯૭ |
| ૨૧ | ભાગાકાર | ૧૦૦ |
| ૨૨ | ગાણિતિક કોયડા | ૧૦૪ |

## નિરીક્ષણ કરો.



વિદ્યાર્થીઓને ચિત્રનું નિરીક્ષણ કરવા કહેવું. ચિત્રમાંની વસ્તુ અને તેના આકાર ( , , , ,  ) વિશે ચર્ચા કરવી.

* ચિત્રમાંની વસ્તુઓ જુઓ. તેની સાથે મેળ ખાતા આકાર ( , , , , ) સાથે વસ્તુને જોડો.




## પ્રકલ્પ

પરિસરમાંની નીચેનો આકાર ધરાવતી વસ્તુઓની યાદી કરો.

| નળાકાર | લંબઘન | ગોળ | ઘન | શંકુ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

- **પૂનમે તૈયાર કરેલી બચતપેટી**

| | | | |
|---|---|---|---|
| એક લંબઘનાકાર ખોખું લો. |  | | |
| ખોખાંનાં દરેક ભાગ પર ચાંદલા ચોંટાડો. |  | ☐ ચાંદલા લગાડ્યા | કુલ પૃષ્ઠભાગ ☐ |
| ખોખાંની દરેક ધાર પર લેસના ટુકડા લગાડો. |  | ☐ લેસના ટુકડા લગાડ્યા | કુલ ધાર ☐ |
| ખોખાંના દરેક ખૂણા પર મણકા લગાડો. ઉપરના પૃષ્ઠભાગ પર ફાંટ તૈયાર કરો. |  | ☐ મણકા લગાડ્યા | કુલ ખૂણા ☐ |

- **રમેશે તૈયાર કરેલી બચતપેટી**

| | | | |
|---|---|---|---|
| એક નળાકાર ખોખું લો. |  | | |
| ખોખાંનાં દરેક ભાગ પર ચાંદલા ચોંટાડો. |  | ☐ ચાંદલા લગાડ્યા | કુલ પૃષ્ઠભાગ ☐ |
| ખોખાંની દરેક ધાર પર લેસના ટુકડા લગાડો |  | ☐ લેસના ટુકડા લગાડ્યા | કુલ ધાર ☐ |
| ખોખાંના દરેક ખૂણા પર મણકા લગાડો. ઉપરના પૃષ્ઠભાગ પર ફાંટ તૈયાર કરો. |  | ☐ મણકા લગાડ્યા | કુલ ખૂણા ☐ |



લંબઘન, ઘન, શંકુ, નળાકાર અને ગોળ આકાર ધરાવતી વસ્તુઓ હાથમાં આપી નિરીક્ષણ કરવા કહેવું. સપાટ પૃષ્ઠભાગ, વક્રપૃષ્ઠભાગ, ધાર અને ખૂણાની સંકલ્પના સમજાવવી.

* વસ્તુનો આકાર ઓળખીને તે વસ્તુના પૃષ્ઠભાગ, ધાર અને ખૂણા ગણો અને લખો.

| વસ્તુ | આકાર | પૃષ્ઠભાગ | | ધાર | ખૂણા |
|---|---|---|---|---|---|
| | | સપાટ | વક્ર | | |
|  | ઘન | ૬ | ૦ | ૧૨ | ૮ |
|  | ______ | | | | |
|  | ______ | | | | |
|  | ______ | | | | |
|  | ______ | | | | |

# ૨ સંખ્યા - અંકમાં અને શબ્દમાં




જયેશે વિદ્યાર્થી બચત બેંકમાં ૧૩ રૂપિયા જમા કર્યા. તે માટે તેણે નીચેની પાવતી ભરી.

| વિદ્યાર્થી બચત બેંક | વિદ્યાર્થી બચત બેંક |
|---|---|
| શાળા ________ | શાળા ________ |
| ખાતા ક્ર. 0 0 ૨ ૪ તારીખ ૧૮/૧૨/૨૦૨૫ | ખાતા ક્ર. 0 0 ૨ ૪ તારીખ ૧૮/૧૨/૨૦૨૫ |
| ખાતાધારકનું નામ જયેશ | ખાતાધારકનું નામ જયેશ |
| જમા રકમ રૂપિયા (શબ્દમાં) તેર પૂરા | જમા રકમ રૂપિયા (શબ્દમાં) તેર પૂરા |
| રૂપિયા (અંકમાં) ૧૩/- | રૂપિયા (અંકમાં) ૧૩/- |
| તન્વી — રોકડિયાના હસ્તાક્ષર; જયેશ — જમા કરનારના હસ્તાક્ષર | તન્વી — રોકડિયાના હસ્તાક્ષર; જયેશ — જમા કરનારના હસ્તાક્ષર |

- ઉપરની પાવતીમાં જમા રકમ કઈ રીતે લખી છે? આ પ્રમાણે વ્યવહારમાં પણ સંખ્યા અક્ષરમા લખાય છે. સંખ્યા અક્ષરમાં લખવી એટલે જ સંખ્યાનામ લખવા અંકમાં અને શબ્દમાં લખવામાં આવે છે.

- ૧ થી ૧૦૦ સંખ્યા શબ્દમાં

| | | | | |
|---|---|---|---|---|
| ૧ એક | ૧૧ અગિયાર | ૨૧ એકવીસ | ૩૧ એકત્રીસ | ૪૧ એકતાળીસ |
| ૨ બે | ૧૨ બાર | ૨૨ બાવીસ | ૩૨ બત્રીસ | ૪૨ બેતાળીસ |
| ૩ ત્રણ | ૧૩ તેર | ૨૩ ત્રેવીસ | ૩૩ તેત્રીસ | ૪૩ તેંતાળીસ |
| ૪ ચાર | ૧૪ ચૌદ | ૨૪ ચોવીસ | ૩૪ ચોત્રીસ | ૪૪ ચુંમાળીસ |
| ૫ પાંચ | ૧૫ પંદર | ૨૫ પચીસ | ૩૫ પાંત્રીસ | ૪૫ પિસ્તાળીસ |
| ૬ છ | ૧૬ સોળ | ૨૬ છવ્વીસ | ૩૬ છત્રીસ | ૪૬ છેતાળીસ |
| ૭ સાત | ૧૭ સત્તર | ૨૭ સત્તાવીસ | ૩૭ સાડત્રીસ | ૪૭ સુડતાળીસ |
| ૮ આઠ | ૧૮ અઢાર | ૨૮ અઠ્ઠાવીસ | ૩૮ આડત્રીસ | ૪૮ અડતાળીસ |
| ૯ નવ | ૧૯ ઓગણીસ | ૨૯ ઓગણત્રીસ | ૩૯ ઓગણચાળીસ | ૪૯ ઓગણપચાસ |
| ૧૦ દસ | ૨૦ વીસ | ૩૦ ત્રીસ | ૪૦ ચાળીસ | ૫૦ પચાસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૧ એકાવન | ૬૧ એકસઠ | ૭૧ એકોતેર | ૮૧ એક્યાસી | ૯૧ એકાણું |
| ૫૨ બાવન | ૬૨ બાસઠ | ૭૨ બોતેર | ૮૨ બ્યાસી | ૯૨ બાણું |
| ૫૩ ત્રેપન | ૬૩ ત્રેસઠ | ૭૩ તોંતેર | ૮૩ ત્યાસી | ૯૩ ત્રાણું |
| ૫૪ ચોપન | ૬૪ ચોસઠ | ૭૪ ચુંમોતેર | ૮૪ ચોરાસી | ૯૪ ચોરાણું |
| ૫૫ પંચાવન | ૬૫ પાંસઠ | ૭૫ પંચોતેર | ૮૫ પંચાસી | ૯૫ પંચાણું |
| ૫૬ છપ્પન | ૬૬ છાસઠ | ૭૬ છોંતેર | ૮૬ છયાસી | ૯૬ છન્નું |
| ૫૭ સત્તાવન | ૬૭ સડસઠ | ૭૭ સિત્તોતેર | ૮૭ સત્યાસી | ૯૭ સત્તાણું |
| ૫૮ અઠ્ઠાવન | ૬૮ અડસઠ | ૭૮ ઈઠ્ઠોતેર | ૮૮ અઠ્યાસી | ૯૮ અઠ્ઠાણું |
| ૫૯ ઓગણસાઠ | ૬૯ ઓગણોસિત્તેર | ૭૯ ઓગણ્યાએંશી | ૮૯ નેવ્યાસી | ૯૯ નવ્વાણું |
| ૬૦ સાઠ | ૭૦ સિત્તેર | ૮૦ એંશી | ૯૦ નેવું | ૧૦૦ સો |

## ✻ સંખ્યા શબ્દમાં લખો.

(૧) તમારા વર્ગમાં કેટલા વિદ્યાર્થી છે?

મારા વર્ગમાં ________ વિદ્યાર્થી છે.

(૨) તમારા ઘરમાં કેટલી વ્યક્તિ છે?

મારા ઘરમાં ________ વ્યક્તિ છે.

(૩) ચાલુ મહિનામાં કેટલા દિવસ છે?

ચાલુ મહિનામાં ________ દિવસ છે.

## ✻ યોગ્ય જોડકાં જોડો.

| | |
|---|---|
| સોળ | ૨૭ |
| અઢાર | ૧૬ |
| સત્તાવીસ | ૮૯ |
| પંચોતેર | ૧૮ |
| નેવ્યાસી | ૭૫ |

## ✻ નીચેની સંખ્યા શબ્દમાં લખો.

- ૮૬ ________
- ૯૨ ________
- ૫૯ ________
- ૭૮ ________
- ૬૭ ________

## ✻ અંકમાં લખો.

- દાદાની ઉંમર તોંતેર વર્ષ છે. ☐ વર્ષ
- મારી પાસે ઓગણચાળીસ રૂપિયા છે. ☐ રૂપિયા
- પુસ્તકમાં બાસઠ પાનાં છે. ☐ પાનાં
- મમ્મીની ઉંમર ત્રીસ વર્ષ છે. ☐ વર્ષ
- નોટમાં સો પાનાં છે. ☐ પાનાં

## ✻ ખાલી જગ્યામાં અંક લખો.

| | |
|---|---|
| પાંત્રીસ | __૫ |
| ઓગણીસ | ૧__ |
| ચોસઠ | ૬__ |
| છેતાળીસ | __૬ |
| નવ્વાણું | __૯ |
| આડત્રીસ | ૩__ |

## ✻ આપેલી સંખ્યા સાચી છે કે ખોટી તે કહો. ચોરસમાં ✗ અથવા ✓ નિશાની કરો અને સુધારીને લખો.

- છેતાળીસ ☐ ________
- ચુંમોતેર ☐ ________
- ઓગણીસ ☐ ________
- સાડત્રીસ ☐ ________

# ૩ એકમ અને દશક



આ માળામાં દશ મણકા છે. માટે આ એક દશક માળ છે.

જો આ દશક માળને છૂટી કરીએ તો?

દશ એકમ મણકા મળશે.

દશ મણકાને સાથે પરોવીએ તો શું મળશે?

એક દશક માળ મળશે.

દશ કરતા ઓછા મણકા પરોવીએ તો દશક માળ મળશે કે?

ના.

## * ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

- સાનિકા પાસે એક દશક મણકા છે, એટલે કે તેની પાસે ☐ મણકા છે.
- મયૂરેશ પાસે એક દશક મણકા અને આઠ એકમ મણકા છે, એટલે કે તેની પાસે ☐ મણકા છે.
- નીતા પાસે બે દશક મણકા અને નવ એકમ મણકા છે, એટલે કે તેની પાસે ☐ મણકા છે.

✻ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ સાનિકાના મિત્રોને મણકા લેવા છે. તો તેઓ કેટલી દશક માળ અને કેટલા છૂટા મણકા એટલે કે એકમ મણકા લેશે? તે ચિત્ર દોરી દર્શાવો.

| મિત્રો | મણકાની સંખ્યા | દશક માળ | છૂટા મણકા એટલે એકમ મણકા |
|---|---|---|---|
| મનીષ | ૩૬ |  |  |
| રિયા | ૪૩ | | |
| સોહમ | ૫૪ | | |
| જૉન | ૭૭ | | |
| ઈશા | ૮૨ | | |

● સંખ્યામાંના અંકોનું સ્થાન

**૩ ૬**

આ દશક સ્થાન છે — આ એકમ સ્થાન છે.

સંખ્યા ૩૬ માં, દશકના સ્થાને ૩ અને એકમના સ્થાને ૬ અંક છે.

**૬ ૩**

આ દશક સ્થાન છે — આ એકમ સ્થાન છે.

સંખ્યા ૬૩માં, દશકના સ્થાને ૬ અને એકમના સ્થાને ૩ અંક છે.

✻ ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

- સંખ્યા ૪૩માં દશક સ્થાને ક્યો અંક છે? ☐
- સંખ્યા ૭૯માં દશક સ્થાને ક્યો અંક છે? ☐
- સંખ્યા ૫૯માં દશક સ્થાને ક્યો અંક છે? ☐
- સંખ્યા ૯૫માં દશક સ્થાને ક્યો અંક છે? ☐



જુદાં જુદાં ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને દશક અને એકમનો મહાવરો કરાવવો.

✻ કુલ કેટલા મણકા છે તે લખો.

 ☐

ઉપરના ચિત્રમાં ૧૦ મણકાનું જૂથ તૈયાર કરો. ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

૧૦ મણકાના ☐ જૂથ, છૂટા ☐ મણકા

✻ ૧૦ વસ્તુનું એક જૂથ તૈયાર કરો. ચોરસમાં સંખ્યા લખો.



દસ મણકાના ☐ જૂથ
છૂટા મણકા ☐
કુલ મણકા ☐



દસ ચમચીના ☐ જૂથ
છૂટી ચમચીઓ ☐
કુલ ચમચીઓ ☐



દસ પેન્સિલના ☐ જૂથ
છૂટી પેન્સિલ ☐
કુલ પેન્સિલ ☐

✻ ૧૦ ટપકાંનું જૂથ તૈયાર કરી દશક જૂથ બનાવો. કોષ્ટક પૂર્ણ કરો.

| નામ | ટપકાં | દશક | એકમ | સંખ્યા |
|---|---|---|---|---|
| વિજય | (● ● ● ● ●<br>● ● ● ● ●) ● ● | ૧ | ૨ | ૧૨ |
| સુમન | ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ●<br>● ● ● ● ● ● ● ● ● ● ● ● ● | | | |
| મોહિત | ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ●<br>● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ●<br>● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● | | | |
| અશરફ | ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● ● | | | |
| મારિયા | ● ● ● ● ●   ● ● ● ● ●   ● ● ● ● ●   ● ● ● ● ●   ● ● ● ● ● | | | |

# ૪ દાર્શનિક કિંમત અને સ્થાનિક કિંમત

## • સંખ્યામાંના અંકોની દાર્શનિક કિંમત



આ ૧૨ ચોક છે.
સંખ્યા ૧૨માં બે અંક છે, ૧ અને ૨.
અંક ૧ની દાર્શનિક કિંમત ૧ છે.
અંક ૨ની દાર્શનિક કિંમત ૨ છે.



આ ૨૧ ચોક છે.
સંખ્યા ૨૧માં બે અંક છે, ૨ અને ૧.
અંક ૨ની દાર્શનિક કિંમત ૨ છે.
અંક ૧ની દાર્શનિક કિંમત ૧ છે.

---

સંખ્યા ૭૩ માં,
અંક ૭ની દાર્શનિક કિંમત ૭ છે.
અંક ૩ની દાર્શનિક કિંમત ૩ છે.

સંખ્યા ૩૭ માં,
અંક ૩ની દાર્શનિક કિંમત ૩ છે.
અંક ૭ની દાર્શનિક કિંમત ૭ છે.

### * ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

(૧) સંખ્યા ૧૮માં અંક ૧ની દાર્શનિક કિંમત ☐ છે.
અંક ૮ની દાર્શનિક કિંમત ☐ છે.

(૨) સંખ્યા ૨૭માં અંક ૨ની દાર્શનિક કિંમત ☐ છે.
અંક ૭ની દાર્શનિક કિંમત ☐ છે.

## • સંખ્યાના અંકોની સ્થાનિક કિંમત

| દશક | એકમ |
| --- | --- |
| ૧  | ૩  |

૧ દશક એટલે ૧૦
૩ એકમ એટલે ૩

દશક સ્થાને ૧ છે, એટલે તેની સ્થાનિક કિંમત ૧૦ છે.
એકમ સ્થાને ૩ છે, માટે તેની સ્થાનિક કિંમત ૩ છે.

| દશક | એકમ |
| --- | --- |
| ૨  | ૪  |

૨ દશક એટલે ૨૦
૪ એકમ એટલે ૪

દશક સ્થાને ૨ છે, એટલે તેની સ્થાનિક કિંમત ૨૦ છે.
એકમ સ્થાને ૪ છે, માટે તેની સ્થાનિક કિંમત ૪ છે.

## જાણી લો

| દશક | એકમ |
|---|---|
| ૨<br> | ૯<br> |
| ૨ દશક | ૯ એકમ |
| ૨૦ | ૯ |

બે અંકી સંખ્યા ૨૯માં,
અંક ૨ની દાર્શનિક કિંમત ૨, અને અંક ૯ની દાર્શનિક કિંમત ૯ છે.
અંક ૨ની સ્થાનિક કિંમત ૨૦ અને અંક ૯ની સ્થાનિક કિંમત ૯ છે.

સંખ્યામાંના અંકની સ્થાનિક કિંમત, તેના સ્થાન પરથી નક્કી થાય છે.

## * નિરીક્ષણ કરો અને ગણો.

| | ૧૭ | | ૪૦ | | ૫૫ | | ૬૮ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | દશક | એકમ | દ | એ | દ | એ | દ | એ |
| |  |  |  | |  |  |  |  |
| | ૧ | ૭ | ૪ | ૦ | ૫ | ૫ | ૬ | ૮ |
| અંકની દાર્શનિક કિંમત | ૧ | ૭ | ૪ | ૦ | ૫ | ૫ | | |
| અંકની સ્થાનિક કિંમત | ૧૦ | ૭ | ૪૦ | | | | | |
| સંખ્યાનું વિસ્તારિત રૂપ | ૧૦ + ૭ | | + | | + | | + | |

વિદ્યાર્થીઓને ૧૦થી ૯૯ સુધીની બે અંકી સંખ્યામાંના અંકોની સ્થાનિક કિંમત સમજાવવી. દરેક વિદ્યાર્થીને આ સંકલ્પના સમજાય તેની ખાતરી કરવી. સ્થાનિક કિંમતના સંદર્ભમાં વધુ ઉદાહરણોનો મહાવરો કરાવવો.

* અધોરેખિત અંકોની દાર્શનિક કિંમત અને સ્થાનિક કિંમત લખો.

| સંખ્યા | દાર્શનિક કિંમત | સ્થાનિક કિંમત |
|---|---|---|
| ૩<u>૨</u> | | |
| ૪<u>૦</u> | | |
| <u>૫</u>૬ | | |
| <u>૭</u>૫ | | |
| ૮<u>૭</u> | | |

| સંખ્યા | દાર્શનિક કિંમત | સ્થાનિક કિંમત |
|---|---|---|
| ૩<u>૧</u> | | |
| <u>૪</u>૫ | | |
| <u>૬</u>૯ | | |
| ૭<u>૩</u> | | |
| ૯<u>૮</u> | | |

* બે અંકી સંખ્યા લખો.

(૧) જેમાં અંક ૫ની સ્થાનિક કિંમત ૫૦ છે. ☐

(૨) જેમાં અંક ૮ની સ્થાનિક કિંમત ૮ છે. ☐

(૩) જેમાં અંક ૩ની સ્થાનિક કિંમત ૩ છે. ☐

(૩) જેમાં અંક ૭ની સ્થાનિક કિંમત ૭૦ છે. ☐

* નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે કહો. ચોરસમાં ✗ અથવા ✓ નિશાની કરો.

(૧) સંખ્યા ૬૨માં, અંક ૬ની સ્થાનિક કિંમત ૬૦ છે. ☐

(૨) સંખ્યા ૨૯માં, અંક ૯ની સ્થાનિક કિંમત ૯૦ છે. ☐

(૩) સંખ્યા ૧૭માં, અંક ૧ની સ્થાનિક કિંમત ૧ છે. ☐

(૪) સંખ્યા ૩૮માં, અંક ૩ની સ્થાનિક કિંમત ૩ છે. ☐

* ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

(૧) સંખ્યા ૫૪માં ૫ની દાર્શનિક કિંમત ☐ અને ૫ની સ્થાનિક કિંમત..... છે.

(૨) સંખ્યા ૬૮માં ૮ની દાર્શનિક કિંમત ☐ અને ૮ની સ્થાનિક કિંમત..... છે.

(૩) સંખ્યા ૮૬માં ૬ની દાર્શનિક કિંમત ☐ અને ૬ની સ્થાનિક કિંમત..... છે.

(૪) સંખ્યા ૯૦માં ૦ની દાર્શનિક કિંમત ☐ અને ૦ની સ્થાનિક કિંમત..... છે.

**પુનરાવર્તન : આપેલા ખાનામાં નાની સંખ્યાને ◯ કરો.**

| ૩, ૬ | ૨, ૯ | ૪, ૭ |
| --- | --- | --- |

રમા પાસે ૯ મણકા છે, ગીતા પાસે ૧૩ મણકા છે. કોની પાસે વધુ મણકા છે?

રમા પાસેના મણકા  ૯

ગીતા પાસેના મણકા ૧૩

ગીતા પાસે વધુ મણકા છે.

૧૩ એ ૯ કરતાં મોટી સંખ્યા છે. ૯ એ ૧૩ કરતાં નાની સંખ્યા છે.

**દશક સ્થાન અને એકમ સ્થાન જોઈને સંખ્યાનું નાના-મોટાપણું કેવી રીતે નક્કી કરવું?**

- ૧૯ અને ૨૫માંથી કઈ સંખ્યા મોટી અને કઈ સંખ્યા નાની?



| દશક | એકમ |
| --- | --- |
| ૧ | ૯ |
| ૨ | ૫ |

૨૫ મણકા, ૧૯ મણકા કરતા વધુ છે. માટે ૨૫ એ ૧૯ કરતાં મોટી સંખ્યા છે. આના પરથી શું ધ્યાનમાં આવે છે?

જે બે અંકી સંખ્યામાં દશક સ્થાનનો અંક મોટો હોય, તે સંખ્યા મોટી હોય છે. માટે જ ૨૫ એ ૧૯ કરતા મોટી સંખ્યા છે. જેને આપણે ચિહ્નની મદદથી આ રીતે લખીએ છીએ. ૨૫ > ૧૯

એટલે કે ૧૯ એ ૨૫ કરતાં નાની સંખ્યા છે. જેને આપણે ચિહ્નની મદદથી આ રીતે લખીએ છીએ. ૧૯ < ૨૫



## દશક સ્થાનનો અંક સમાન હોય, તો મોટી સંખ્યા કઈ રીતે ઓળખવી?



| દશક | એકમ |
|---|---|
| ૧ | ૫ |
| ૧ | ૮ |

૧૮ મણકા, ૧૫ મણકા કરતા વધુ છે. માટે ૧૮ એ ૧૫ કરતા મોટી સંખ્યા છે.
બંને સંખ્યાનો દશક સ્થાનનો અંક સમાન છે. માટે એકમ સ્થાનનો અંક જોઈએ. ૫ < ૮ સંખ્યા ૧૮માં એકમ મોટો છે. આના પરથી શું ધ્યાનમાં આવે છે?



જો દશક સ્થાનનો અંક સમાન હોય, તો જે સંખ્યામાં એકમ સ્થાનનો અંક મોટો હોય, તે સંખ્યા મોટી હોય છે. માટે જ ૧૮ એ ૧૫ કરતા મોટી સંખ્યા છે.
૧૮ > ૧૫

એટલે કે ૧૫ એ ૧૮ કરતાં નાની સંખ્યા છે. જેને ચિહ્નની મદદથી આ રીતે લખાય છે. ૧૮ > ૧૫

### સંખ્યાનું નાના-મોટાપણું નક્કી કરો : ૨૭ , ૩૨

| સંખ્યા | દશક | એકમ | દશકનો અંક મોટો હોય તે સંખ્યા | ચિહ્ન વાપરીને |
|---|---|---|---|---|
| ૨૭ | ૨ | ૭ | ૩૨ | ૨૭ કરતાં ૩૨ મોટી સંખ્યા છે.<br>માટે, ૩૨ > ૨૭<br>એટલે કે, ૨૭ < ૩૨ |
| ૩૨ | ૩ | ૨ | | |

### * નીચેના કોષ્ટકમાં યોગ્ય સંખ્યા લખો.

| સંખ્યા | દશક | એકમ | દશકનો અંક મોટો હોય તે સંખ્યા | ચિહ્ન વાપરીને |
|---|---|---|---|---|
| ૭૪ | | | | ☐ > ☐ |
| ૫૮ | | | | ☐ < ☐ |

**૬૩ અને ૬૧માંથી મોટી સંખ્યા કઈ?**

| સંખ્યા | દશક | એકમ | એકમનો અંક મોટો છે તે સંખ્યા (દશક સ્થાનનો અંક સમાન છે માટે) | ચિહ્ન વાપરીને |
|---|---|---|---|---|
| ૬૩ | ૬ | ૩ | ૬૩ | ૬૧ કરતાં ૬૩ મોટી સંખ્યા છે. એટલે કે – ૬૩ > ૬૧ ૬૧ < ૬૩ |
| ૬૧ | ૬ | ૧ | | |

✻ **નીચેના ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.**

| સંખ્યા | દશક | એકમ | એકમનો અંક મોટો છે તે સંખ્યા (દશક સ્થાનનો અંક સમાન છે માટે) | ચિહ્ન વાપરીને |
|---|---|---|---|---|
| ૪૨ | | | | ☐ > ☐ |
| ૪૫ | | | | ☐ < ☐ |

✻ **જવાબ આપો.**

(૧) રમેશની ઉંમર ૩૨ વર્ષ છે. સુરેશની ઉંમર ૨૪ વર્ષ છે. કોની ઉંમર વધુ છે?

(૨) સીમાની ઉંમર ૪૨ વર્ષ છે. કામિનીની ઉંમર ૨૭ વર્ષ છે. કોની ઉંમર ઓછી છે?

✻ **સાચું કે ખોટું તે લખો. ચોરસમાં ✗ અથવા ✓ નિશાની કરો.**

(૧) ૪૮ એ ૩૫ કરતાં મોટી સંખ્યા છે. ☐

(૨) ૩૯ > ૨૫ ☐

(૩) ૯૨ < ૪૩ ☐

(૪) ૮૨ એ ૨૯ કરતાં નાની સંખ્યા છે. ☐



## કરી જુઓ.

૧ થી ૯ સુધીનાં સંખ્યાકાર્ડ વાપરીને કોઈપણ બે, બે અંકી સંખ્યા તૈયાર કરો. તે બે સંખ્યાનું નાના-મોટાપણું નક્કી કરો. જુદાંજુદાં સંખ્યાકાર્ડનો ઉપયોગ કરીને આ કૃતિ કરો.

## ● સૌથી નાની – સૌથી મોટી સંખ્યા.

**૨૨, ૧૩, ૩૪**

| દશક | એકમ |
|---|---|
| ૨ | ૨ |
| ૧ | ૩ |
| ૩ | ૪ |

સૌથી નાનો દશક એટલે સૌથી નાની સંખ્યા

સૌથી મોટો દશક એટલે સૌથી મોટી સંખ્યા

સૌથી નાની સંખ્યા ૧૩ સૌથી મોટી સંખ્યા ૩૪

**૨૫, ૨૩, ૧૩**

| દશક | એકમ |
|---|---|
| ૨ | ૫ |
| ૨ | ૩ |
| ૧ | ૩ |

દશક સમાન છે, જે ૧ કરતા મોટો છે.

દશક સમાન હોવાથી, જેનો એકમ મોટો તે સંખ્યા મોટી છે.

સૌથી નાનો દશક એટલે સૌથી નાની સંખ્યા

સૌથી નાની સંખ્યા ૧૩ સૌથી મોટી સંખ્યા ૨૫

**૨૬, ૧૪, ૧૫**

| દશક | એકમ |
|---|---|
| ૨ | ૬ |
| ૧ | ૪ |
| ૧ | ૫ |

સૌથી મોટો દશક એટલે સૌથી મોટી સંખ્યા

દશક સમાન છે, ૨ કરતા નાનો છે.

દશક સમાન હોવાથી, એકમ નાનો, તે સંખ્યા નાની છે.

સૌથી નાની સંખ્યા ૧૪ સૌથી મોટી સંખ્યા ૨૬

❋ આપેલી સંખ્યા પૈકી સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યા લખો.

| સંખ્યા | સૌથી મોટી સંખ્યા | સૌથી નાની સંખ્યા |
|---|---|---|
| ૧૦, ૩૦, ૨૦ | | |
| ૪૧, ૧૭, ૨૫ | | |
| ૨૩, ૧૬, ૧૯ | | |
| ૫૫, ૬૭, ૫૬ | | |

## • આપેલા બે અંકો વડે સંખ્યા તૈયાર કરવી.

**શિક્ષક** : ૩ અને ૬ અંકોનો ઉપયોગ કરી બે અંકી સંખ્યા તૈયાર કરો.

| સલમાને તૈયાર કરેલી સંખ્યા | સચિને તૈયાર કરેલી સંખ્યા | જોને તૈયાર કરેલી સંખ્યા |
|---|---|---|
| ૩, ૬ → ૩૬, ૬૩ | ૩, ૬ → ૩૩, ૬૬ | ૩, ૬ → ૩૬, ૬૩, ૩૩, ૬૬ |

**શિક્ષક** : અરે વાહ! બહુ સરસ. હવે આ ચાર સંખ્યાનું નાના-મોટાપણું નક્કી કરો.

**સલમા** : આપણે આ સંખ્યા એકમ અને દશકના રૂપમાં લખીએ.

**સચિન** : આમાં સૌથી નાની સંખ્યા ૩૩ છે.

**સલમા** : સૌથી મોટી સંખ્યા ૬૬.

**શિક્ષક** : શાબાશ! પણ તમે આ કેવી રીતે નક્કી કર્યું?

**સચિન અને સલમા** : આ ચારેય સંખ્યાના દશક અને એકમના અંકને આધારે નક્કી કર્યું.

| સંખ્યા | દશક | એકમ |
|---|---|---|
| ૩૬ | ૩ | ૬ |
| ૬૩ | ૬ | ૩ |
| ૩૩ | ૩ | ૩ |
| ૬૬ | ૬ | ૬ |

**શિક્ષક** : શાબાશ!

✻ **આપેલા અંકો વડે બે અંકી સંખ્યા તૈયાર કરો. તેમાં સૌથી મોટી અને સૌથી નાની સંખ્યા લખો.**

| અંક | સંખ્યા | સૌથી મોટી સંખ્યા | સૌથી નાની સંખ્યા |
|---|---|---|---|
| ૪, ૨ | ૪૨, ૨૪, ૨૨, ૪૪ | ૪૪ | ૨૨ |
| ૩, ૧ | | | |
| ૪, ૯ | | | |
| ૭, ૨ | | | |
| ૩, ૮ | | | |
| ૬, ૨ | | | |
| ૫, ૦ | | | |
| ૫, ૧ | | | |



વિદ્યાર્થીઓને બે અંક આપીને વધુમાં વધુ બે અંકી સંખ્યા તૈયાર કરવા કહો. તેમનું નાના-મોટાપણું નક્કી કરવાનો મહાવરો કરાવવો. ૦ અને ૫ આ બે અંકો આપીએ તો તેનાં વડે ૫૦ અને ૫૫ એવી બે જ બેઅંકી સંખ્યા તૈયાર થશે, તે સ્પષ્ટ કરવું. દરેક વિદ્યાર્થી આ કૃતિમાં સમજપૂર્વક સહભાગી થાય તે ધ્યાન રાખવું.

## • ત્રણ સંખ્યાનો ચઢતો ક્રમ

**૧૩, ૩૪, ૨૪ સંખ્યાનો ચઢતો ક્રમ**

| સંખ્યા | દશક | એકમ |
|---|---|---|
| ૧૩ | ૧ | ૩ |
| ૩૪ | ૩ | ૪ |
| ૨૪ | ૨ | ૪ |

સૌથી નાનો દશક એટલે સૌથી નાની સંખ્યા ← ૧૩

સૌથી મોટો દશક એટલે સૌથી મોટી સંખ્યા ← ૩૪

- સૌથી નાની સંખ્યા ૧૩
- સૌથી મોટી સંખ્યા ૩૪
- વધેલી સંખ્યા ૨૪







✻ સંખ્યાનો ચઢતો ક્રમ લખો.

| સંખ્યા | ચઢતો ક્રમ |
|---|---|
| ૩૩, ૧૭, ૪૨ | |
| ૬૦, ૬૯, ૫૫ | |
| ૬૮, ૪૭, ૪૯ | |

| સંખ્યા | ચઢતો ક્રમ |
|---|---|
| ૩૬, ૧૯, ૮૨ | |
| ૫૦, ૨૦, ૪૦ | |
| ૭૬, ૯૫, ૪૬ | |

- ત્રણ સંખ્યાનો ઉતરતો ક્રમ

૬૩, ૨૮, ૭૧ આ સંખ્યાનો ઉતરતો ક્રમ

| સંખ્યા | દશક | એકમ |
|---|---|---|
| ૬૩ | ૬ | ૩ |
| ૨૮ | ૨ | ૮ |
| ૭૧ | ૭ | ૧ |

સૌથી નાનો દશક એટલે સૌથી નાની સંખ્યા ←

સૌથી મોટો દશક એટલે સૌથી મોટી સંખ્યા ←

- સૌથી મોટી સંખ્યા ૭૧
- સૌથી નાની સંખ્યા ૨૮
- બાકી રહેલી સંખ્યા ૬૩







✻ સંખ્યાનો ઉતરતો ક્રમ લખો.

| સંખ્યા | ઉતરતો ક્રમ |
|---|---|
| ૪૯, ૨૧, ૧૪ | |
| ૮૦, ૯૦, ૧૦ | |

| સંખ્યા | ઉતરતો ક્રમ |
|---|---|
| ૧૧, ૨૮, ૧૪ | |
| ૭૨, ૭૯. ૪૫ | |

✻ સંખ્યાનો ચઢતો અને ઉતરતો ક્રમ લખો.

| સંખ્યા | ચઢતો ક્રમ | ઉતરતો ક્રમ |
|---|---|---|
| ૧૮, ૩૮, ૮ | | |
| ૨૪, ૧૦, ૧૫ | | |
| ૬૫, ૭૮, ૭૧ | | |
| ૬૮, ૪૨, ૪૯ | | |

## ● સંખ્યાનો ચઢતો અને ઉતરતો ક્રમ (૧ થી ૧૦૦ નું કોષ્ટક વાપરીને)

(અ) ૧૩, ૩૫ અને ૨૭ ને ચઢતા ક્રમમાં લખીએ.

(બ) આ સંખ્યાને ૧ થી ૧૦૦ ના કોષ્ટકમાં શોધીએ. તેને ◯ કરીએ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ | ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ | ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ | ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| ૬ | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ | ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ | ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ | ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૯ | ૧૯ | ૨૯ | ૩૯ | ૪૯ | ૫૯ | ૬૯ | ૭૯ | ૮૯ | ૯૯ |
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

૧ થી ૧૦૦ ના કોષ્ટકમાં સંખ્યાનો ક્રમ ૧૩, ૨૭, ૩૫ છે. આ જ તેમનો ચઢતો ક્રમ છે.

**૧ થી ૧૦૦ ના કોષ્ટકમાં સંખ્યા ચઢતા ક્રમમાં હોય છે.**

### ✻ ૧ થી ૧૦૦ ના કોષ્ટકનો ઉપયોગ કરીને નીચેની સંખ્યાઓને ચઢતા ક્રમમાં લખો.

| સંખ્યા | ચઢતો ક્રમ |
|---|---|
| ૧૧, ૨૮, ૨૫ | |
| ૫, ૪૨, ૧૯ | |

| સંખ્યા | ચઢતો ક્રમ |
|---|---|
| ૧૬, ૫૮, ૩૫ | |
| ૬૮, ૩૨, ૫૯ | |

## વિચાર કરીએ.

૯, ૪૬, ૨૫ સંખ્યાઓને ૧ થી ૧૦૦ના કોષ્ટકના આધારે ઉતરતા ક્રમમાં લખી શકાય કે?

દશક અને એકમનો ઉપયોગ કરીને તથા ૧થી ૧૦૦ના કોષ્ટકનો ઉપયોગ કરીને મહાવરો કરાવ્યા બાદ વિદ્યાર્થીઓ ચઢતો અને ઉતરતો ક્રમ મોઢે કહી શકે એટલો મહાવરો કરાવવો. દરેક વિદ્યાર્થીઓને સમજાય એની ખાત્રી કરવી..

- ## ટપ્પા કૂદવાની રમત




પરેશના કૂદકાના ટપ્પા : **૨**    કઈ સંખ્યાથી કૂદવાનું શરૂ કર્યું? : **૧**

પરેશે જે સંખ્યા પર કૂદકા માર્યા, તેની રિતિકાએ કરેલી નોંધ-

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૧૩ | ૧૫ | ૧૭ | ૧૯ |






રાણીના કૂદકાના ટપ્પા : **૨**    કઈ સંખ્યાથી કૂદવાનું શરૂ કર્યું? : **૨**

રાણીએ જે સંખ્યા પર કૂદકા માર્યા, તેની રિતિકાએ કરેલી નોંધ –

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ | ૧૪ | ૧૬ | ૧૮ | ૨૦ |



* ઉદાહરણ ગણો.

૩ ના ટપ્પા : ૨ થી શરૂ કરીને કૂદકા માર્યા.

સંખ્યાપટ્ટી પર કૂદકા દર્શાવો.

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |

કઈ કઈ સંખ્યા પર કૂદકા માર્યા તે લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

* સંખ્યાપટ્ટીને આધારે ટપ્પો ઓળખો. પછીની સંખ્યા લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | | | | | | | |
| ૬ | ૯ | | | | | | | | |
| ૧ | ૫ | | | | | | | | |
| ૫ | ૧૦ | | | | | | | | |
| ૨ | ૧૨ | | | | | | | | |
| ૩ | ૧૩ | | | | | | | | |
| ૧૦ | ૨૦ | | | | | | | | |



જુદાજુદા ટપ્પે આવતી સંખ્યાનો મહાવરો કરાવવો. ૧૦ના ટપ્પાના કેટલાક ઉદાહરણો કરાવવા. આ ટપ્પામાં માત્ર દશક સ્થાનમાં શું ફેરફાર થાય છે, તે તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું. ૧૦ના ટપ્પાના કૂદકાને દશક કૂદકો કહી શકાય તે વિદ્યાર્થીઓને જણાવવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨ ૪૩ ૪૪ ૪૫ ૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧ ૫૨ ૫૩ ૫૪ ૫૫ ૫૬ ૫૭ ૫૮ ૫૯ ૬૦ ૬૧ ૬૨ ૬૩ ૬૪ ૬૫ ૬૬ ૬૭ ૬૮ ૬૯ ૭૦ ૭૧ ૭૨ ૭૩ ૭૪ ૭૫ ૭૬ ૭૭ ૭૮ ૭૯ ૮૦ ૮૧ ૮૨ ૮૩ ૮૪ ૮૫ ૮૬ ૮૭ ૮૮ ૮૯ ૯૦ ૯૧ ૯૨ ૯૩ ૯૪ ૯૫ ૯૬ ૯૭ ૯૮ ૯૯ ૧૦૦

## ● વૃક્ષો વાવીએ, વૃક્ષો જીવાડીએ.

શાળાના બગીચામાં વૃક્ષારોપણ માટે વિદ્યાર્થીઓ રોપા લાવ્યા છે.




✻ કુલ રોપા ગણો અને લખો.

| | |
|---|---|
| ગૌતમીના રોપા | ૫ |
| રોહનના રોપા | + ૪ |
| કુલ રોપા | ☐ |

એટલે કે ☐ + ☐ = ☐




✻ કુલ રોપા ગણો અને લખો.

| | |
|---|---|
| સોહમના રોપા | ૭ |
| મનાલીના રોપા | + ૦ |
| કુલ રોપા | ☐ |

એટલે કે ☐ + ☐ = ☐







તો કુલ રોપા કેટલા? ☐

| | |
|---|---|
| આરતીના રોપા | ☐ |
| સચિનના રોપા | + ☐ |
| કુલ રોપા | ☐ |

એટલે કે ☐ + ☐ = ☐







તો કુલ રોપા કેટલા? ☐

| | |
|---|---|
| સલીમના રોપા | ☐ |
| કુણાલના રોપા | + ☐ |
| કુલ રોપા | ☐ |

એટલે કે ☐ + ☐ = ☐

ચાલો, સંખ્યાપટ્ટીનો ઉપયોગ કરીને શોધીએ.

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |

## • બે અંકી સંખ્યાનો સરવાળો એટલે શું?

૨૫ + ૧૪ = ?    સંખ્યાપટ્ટીનો ઉપયોગ કરીને સરવાળા સમજીએ.

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

૨૫ + ૧૪ = ૩૯










એટલે ૨૫ + ૧૪ = ૩૯

## • સરવાળાની માંડણી

**આડી માંડણી**

૨૫ + ૧૪ = ૩૯

આની માંડણી આપણે આ રીતે પણ કરી શકીએ.

| | દશક | એકમ |
|---|---|---|
| | ૨ | ૫ |
| + | ૧ | ૪ |
| | ૩ | ૯ |

**ઊભી માંડણી**

ઊભી માંડણીથી સરવાળો

## • સરવાળો (ઊભી માંડણી કરીને)

૨૫ + ૧૪ = ☐




આના પરથી

| | દશક | એકમ |
|---|---|---|
| | ૨ | ૫ |
| + | ૧ | ૪ |
| | ૩ | ૯ |

૨૨ + ૧૦ = ☐

| દ | એ |
|---|---|
| + | |
| ૩ | ૨ |

આના પરથી,

| દ | એ |
|---|---|
| + | |
| | |

## ✻ ઉદાહરણ ગણો.

| દ | એ |
|---|---|
| ૭ | ૬ |
| + | ૨ |
| | |

| દ | એ |
|---|---|
| ૪ | ૩ |
| + | ૦ |
| | |

| દ | એ |
|---|---|
| ૩ | ૩ |
| + ૪ | ૫ |
| | |

| દ | એ |
|---|---|
| ૬ | ૦ |
| + ૨ | ૭ |
| | |

| દ | એ |
|---|---|
| ૫ | ૧ |
| + ૩ | ૫ |
| | |

| દ | એ |
|---|---|
| ૬ | ૩ |
| + ૧ | ૩ |
| | |

| દ | એ |
|---|---|
| ૪ | ૪ |
| + ૨ | ૩ |
| | |

| દ | એ |
|---|---|
| ૫ | ૫ |
| + ૨ | ૪ |
| | |

## • સરવાળો (આડી માંડણી કરીને)

દ એ   દ એ   દ એ

૨ ૫ + ૧ ૪ = ૩ ૯

આડી માંડણીથી સરવાળો આ રીતે કરાય

## ✻ ઉદાહરણ ગણો.

૩૪ + ૧૨ = ☐

૧૫ + ૨૩ = ☐

૪૧ + ૨૬ = ☐



દશકમાળા, મણકા, દશક દાંડો તેમ જ પરિસરમાં ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને સરવાળાનો વધુ મહાવરો કરાવવો. દરેક વિદ્યાર્થીને સરવાળાની સંકલ્પના બરાબર સમજાય તે જોવું.

## * ઉદાહરણ ગણો.

- ધોરણ બીજામાં ૩૦ વિદ્યાર્થીઓ  છે.
- ધોરણ પહેલામાં ૨૮ વિદ્યાર્થીઓ છે.
- તો બંને ધોરણમાં મળીને કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

| દશક | એકમ |
|---|---|
| ૩ | ૦ |
| + ૨ | ૮ |
| | |

બંને ધોરણમાં મળીને કુલ ☐ વિદ્યાર્થીઓ છે.

- રાઘવના ઘરમાં ૩૬ દાડમ  છે.
- તેના પિતા ખેતરેથી બીજા ૨૩ દાડમ ઘરે લાવ્યા.
- તો રાઘવના ઘરે હવે કુલ કેટલા દાડમ છે?

| દ | એ |
|---|---|
| ૩ | ૬ |
| + ૨ | ૩ |
| | |

રાઘવના ઘરે હવે કુલ ☐ દાડમ છે.

એક બસમાં  ૩૨ પ્રવાસી  છે. તેમાં બીજા ૧૪ પ્રવાસી ચઢ્યા, હવે બસમાં કુલ કેટલા પ્રવાસી છે?

| દ | એ |
|---|---|
| | |
| | |

બસમાં હવે કુલ ☐ પ્રવાસી છે.

અનિતા પાસે ૧૪ છીપલાં  છે. અમીનાએ તેને ૫૩ છીપલાં આપ્યાં, તો અનિતા પાસે કુલ કેટલાં છીપલાં થયાં?

| દ | એ |
|---|---|
| | |
| | |

અનિતા પાસે કુલ ☐ છીપલા છે.

## * સરવાળાના શાબ્દિક ઉદાહરણો તૈયાર કરો અને કહો.

જેમ કે ૨૩, ૨૫ ઉદાહરણ : એક વર્ગમાં ૨૩ છોકરાઓ અને ૨૫ છોકરીઓ છે, તો તે વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

(૧) ૨૩, ૧૨ (૨) ૫૪, ૧૩

(૩) ૩૬, ૧૨ (૪) ૪૯, ૨૦

## • સરવાળાની ગમ્મત

રાજુ પાસે ૪ લાડવા છે. મીના પાસે ૫ લાડવા છે. રાજુએ એક ડબ્બામાં તેના લાડવા મૂક્યા. ત્યારબાદ મીનાએ તે જ ડબ્બામાં તેના લાડવા મૂક્યા. હવે ડબ્બામાં કુલ કેટલા લાડવા છે?

| રાજુના લાડવા | + | મીનાના લાડવા | = | કુલ લાડવા |
|---|---|---|---|---|
| ૪ | + | ૫ | = | ૯ |

જો પહેલા મીના તેના લાડવા ડબ્બામાં મૂકે અને ત્યાર બાદ રાજુ તેના લાડવા મૂકે, તો ડબ્બામાં કેટલા લાડવા થશે?

| મીનાના લાડવા | + | રાજુના લાડવા | = | કુલ લાડવા |
|---|---|---|---|---|
| ૫ | + | ૪ | = | ૯ |







સરવાળો કરતી વખતે સંખ્યાનો ક્રમ બદલાય, તો પણ સરવાળો તેટલો જ રહે છે.

### ✻ ઉદાહરણ ગણો.

| | | | |
|---|---|---|---|
| ૨ + ૩ = ☐ | ૩ + ૨ = ☐ | ૮ + ૪ = ☐ | ૪ + ૮ = ☐ |
| ૫ + ૧ = ☐ | ૧ + ૫ = ☐ | ૦ + ૫ = ☐ | ૫ + ૦ = ☐ |
| ૨ + ૧ = ☐ | ૧ + ૨ = ☐ | ૧૩ + ૧૦ = ☐ | ૧૦ + ૧૩ = ☐ |
| ૪ + ૩ = ☐ | ૩ + ૪ = ☐ | ૭ + ૨ = ☐ | ૨ + ૭ = ☐ |
| ૯ + ૧ = ☐ | ૧ + ૯ = ☐ | ૦ + ૮ = ☐ | ૮ + ૦ = ☐ |
| ૬ + ૧ = ☐ | ૧ + ૬ = ☐ | ૧૮ + ૧૦ = ☐ | ૧૦ + ૧૮ = ☐ |

# ૯ બાદબાકી

✻ **ચિત્ર જોઈને ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.**





શાળાના સાઈકલ સ્ટૅંડ પર ☐ સાઈકલ હતી.

તેમાંથી ☐ વિદ્યાર્થીઓ તેમની સાઈકલ લઈ ગયા,

તો સ્ટૅંડ પર કેટલી સાઈકલ બાકી રહી? ☐ - ☐ = ☐

એટલે કે સાઈકલ સ્ટૅંડ પર ☐ સાઈકલ બાકી રહી છે.

✻ **કેટલા બાકી રહ્યા તે લખો.**





૫ ફુગ્ગા ઉડ્યા.

૭
− ૫
૨




એક પણ ફુગ્ગો ઉડ્યો નહીં.

૭
− ☐
☐





બધા ફુગ્ગા ઉડી ગયા.

૭
− ☐
☐

- **બાદબાકી (જૂથમાંથી ઓછું કરીને)**



૧૫ પેનમાંથી ૪ પેન બહેને લીધી, તો કેટલી પેન બાકી રહી?

| | |
|---|---|
| કુલ પેન | ૧૫ |
| બહેને લીધેલી પેન | – ૪ |
| બાકી રહેલી પેન | ☐ |

- **બે અંકી સંખ્યાની બાદબાકી.**

વિજુ પાસેનાં ૧૯ ફૂલમાંથી ૧૧ ફૂલ સવિતાએ લઈ લીધાં, તો કેટલા ફૂલ બાકી રહ્યાં?

ચાલો, સંખ્યાપટ્ટીનો ઉપયોગ કરીને શોધીએ.

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |









૮ એકમ

| | |
|---|---|
| વિજુ પાસે મણકા | ૧૯ |
| સવિતાએ લીધેલા મણકા | – ૧૧ |
| બાકી રહેલા મણકા | ☐ |

એટલે ૧૯ – ૧૧ = ૮

- **બાદબાકીની માંડણી**

**આડી માંડણી**

૧૯ – ૧૧ = ૮

આને આપણે આ રીતે લખી શકીએ.

| દશક | એકમ |
|---|---|
| ૧ | ૯ |
| – ૧ | ૧ |
| ૦ | ૮ |

**ઊભી માંડણી**

ઊભી માંડણીથી બાદબાકી

## • બાદબાકી (ઉભી માંડણી કરીને)

૨૬ − ૧૪ = ☐

| દશક | એકમ |
|---|---|
|  |  |
| ૧ | ૨ |

| દશક | એકમ |
|---|---|
| ૨ | ૬ |
| − ૧ | ૪ |
| ૧ | ૨ |

✻ ૫૯ − ૨૪ = ☐

| દશક | એકમ |
|---|---|
|  |  |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૫ | ૯ |
| − ૨ | ૪ |
| | |

✻ ઉદાહરણ ગણો.

| દશક | એકમ |
|---|---|
| ૬ | ૯ |
| − | ૮ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૪ | ૧ |
| − ૨ | ૦ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૪ | ૫ |
| − ૧ | ૨ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૬ | ૭ |
| − ૨ | ૩ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૨ | ૭ |
| − ૧ | ૩ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૮ | ૬ |
| − | ૫ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૯ | ૦ |
| − ૨ | ૦ |
| | |

| દશક | એકમ |
|---|---|
| ૯ | ૯ |
| − ૭ | ૪ |
| | |



દશક માળ, મણકા, દશક દાંડા અને છૂટા બ્લૉક તેમજ પરિસરમાં ઉપલબ્ધ સાહિત્યની મદદથી બાદબાકીનો વધુમાં વધુ મહાવરો કરાવવો. દરેક વિદ્યાર્થીઓને સમજાય તે જોવું.

## • બાદબાકી (આડી માંડણી કરીને)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દ | એ | | દ | એ | | દ | એ | |
| ૧ | ૯ | − | ૧ | ૧ | = | ૦ | ૮ | |

આડી માંડણી કરીને બાદબાકી આ રીતે કરી શકાય.

✻ ઉદાહરણ ગણો.

૩૮ − ૧૨ = ☐ ૪૯ − ૧૮ = ☐ ૯૭ − ૬૫ = ☐

✻ ઉદાહરણ ગણો.

- રત્નદીપે ૬૭ કોડિયાં  બનાવ્યાં.
- સાહિલે ૪૨ કોડિયાં બનાવ્યાં.
- રત્નદીપે સાહિલ કરતાં કેટલાં કોડિયાં વધુ બનાવ્યાં?

રત્નદીપે સાહિલ કરતાં ☐ કોડિયાં વધુ બનાવ્યાં.

| દશક | એકમ |
|---|---|
| ૬ | ૭ |
| − ૪ | ૨ |
| | |

- સુધાને ૯૯ વાર દોરડા કૂદવાના છે.
- સુધાએ ૫૧ વાર દોરડા  કૂદ્યા.
- સુધાએ હજુ કેટલી વાર દોરડા કૂદવા પડશે?

સુધાએ હજુ ☐ દોરડા કૂદવા પડશે.

| દશક | એકમ |
|---|---|
| ૯ | ૯ |
| − ૫ | ૧ |
| | |

મધુર પાસે ૮૫ રૂપિયા છે. તેમાંથી તેણે ૨૪ રૂપિયા ખર્ચ કર્યા. તો તેની પાસે કેટલા રૂપિયા બાકી રહ્યા?

મધુર પાસે ☐ રૂપિયા બાકી રહ્યા.

| દશક | એકમ |
|---|---|
| | |
| | |

એક બસમાં  ૪૫ પ્રવાસીઓ  યાત્રા કરી રહ્યા છે. આગળના ગામે તેમાંથી ૨૪ પ્રવાસીઓ ઉતરી ગયા. હવે બસમાં કેટલા પ્રવાસીઓ બાકી રહ્યા?

બસમાં ☐ પ્રવાસીઓ છે.

| દશક | એકમ |
|---|---|
| | |
| | |

## * બાદબાકીના શાબ્દિક ઉદાહરણો તૈયાર કરો અને લખો.

જેમકે, ૫૯, ૧૧ ઉદાહરણ : પ્રથમેશ પાસે ૫૯ રૂપિયા છે. જેમાંથી તેણે ૧૧ રૂપિયાની નોટબુક લીધી. તો પ્રથમેશ પાસે કેટલા રૂપિયા બાકી રહ્યા?

(૧) ૩૮, ૨૪ (૨) ૪૫, ૨૩

(૩) ૯૯, ૧૫ (૪) ૭૬, ૬૨

## * દાખલા ગણો.

- સેમે દુકાનમાંથી ૩૦ રૂપિયાનો કંપાસ  વેચાતો લીધો.
- તેણે દુકાનદારને ૫૦ રૂપિયાની નોટ આપી.
- સેમને કેટલા રૂપિયા પાછા મળશે?

સેમને ☐ રૂપિયા પાછા મળશે.

| દશક | એકમ |
|---|---|
| | |
| | |

- મંજુ પાસે ૬૫ રૂપિયા છે.
- સાકર  ખરીદવા માટે તેને ૮૫ રૂપિયા જોઈએ.
- તેને બીજા કેટલા રૂપિયા જોઈશે?

મંજુને બીજા ☐ રૂપિયા જોઈશે.

| દશક | એકમ |
|---|---|
| | |
| | |

- અંજલી પાસે ૩૯ ચૉક  છે.
- સંકેત પાસે ૧૮ ચૉક છે.
- અંજલી પાસે સંકેત કરતા કેટલા ચૉક વધુ છે?

અંજલી પાસે ☐ ચૉક વધુ છે.

| દશક | એકમ |
|---|---|
| | |
| | |

રવિ પાસે ચીકુના ૨૮ રોપા અને આંબાના ૧૧ રોપા છે, રવિ પાસે આંબા કરતા ચીકુના કેટલા રોપા વધુ છે?

રવિ પાસે આંબા કરતા ચીકુના ☐ રોપા વધુ છે.

| દશક | એકમ |
|---|---|
| | |
| | |

## જાણી લો.



- મહેશ અને નીતાએ પપ્પાને નોટબુક લાવવા કહ્યું.
- પપ્પા મહેશ માટે ૧૪ નોટબુક અને નીતા માટે ૧૨ નોટબુક લાવ્યા.
- પપ્પા કુલ કેટલી નોટબુક લાવ્યા?

૧૪ + ૧૨ એટલે કે, પપ્પા કુલ ૨૬ નોટબુક લાવ્યા.

જો પપ્પા ૨૬ નોટબુકમાંથી મહેશને ૧૪ નોટબુક આપી દે, તો તેમની પાસે ૨૬ – ૧૪ = **૧૨** નોટબુક બાકી રહે.

જો પપ્પા ૨૬ નોટબુકમાંથી નીતાને ૧૨ નોટબુક આપે, તો તેમની પાસે ૨૬ – ૧૨ = **૧૪** નોટબુક બાકી રહે.

એટલે કે ૧૪ + ૧૨ = ૨૬ પરથી ૨૬–૧૪ = ૧૨ અને ૨૬ – ૧૨ = ૧૪
આ બે ઉદાહરણ તૈયાર થાય.

**બે સંખ્યાઓનો સરવાળો કરીને મળતી સંખ્યામાંથી, તે બેમાંથી કોઈપણ એક સંખ્યા બાદ કરીએ તો જવાબમાં બીજી સંખ્યા મળે છે.**

૩૫ ૩૦ → ૬૫

૩૫ + ૩૦ = ૬૫ આ પરથી

૬૫ – ૩૫ = ૩૦

૬૫ – ૩૦ = ૩૫

✻ દાખલા ગણો.

૪૨ ૨૬ → ૬૮

૪૨ + ૨૬ = ☐ આ પરથી

૬૮ – ૪૨ = ☐

☐ – ☐ = ૪૨

૨૫ ૨૩ → ૪૮

| | | |
|---|---|---|
| ૪૮ | ૨૩ | ☐ |
| – ૨૫ | + ☐ | – ૨૩ |
| ☐ | ૪૮ | ૨૫ |

✻ ઉદાહરણ વાંચો. સમજો. ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

(૧) ટોપલીમાં ૫ પેરુ હતા. તેમાં બીજા ૩ પેરુ મૂક્યા. તો ટોપલીમાં કુલ કેટલા પેરુ થયા?

| | | |
|---|---|---|
| ૫ | ૮ | ૮ |
| + ૩ | એટલે કે, – ૫ | – ૩ |
| ☐ | ☐ | ☐ |

(૨) બીજા ધોરણમાં કુલ ૧૮ વિદ્યાર્થીઓ છે. તેમાંથી કેટલાક છોકરાઓ અને કેટલીક છોકરીઓ છે. (જાતે સંખ્યા ધારી ઉદાહરણ ગણો.)

| | | |
|---|---|---|
| ☐ | ૧૮ | ૧૮ |
| + ☐ | એટલે કે, – ☐ | – ☐ |
| ૧૮ | ☐ | ☐ |

સરવાળા અને બાદબાકીના ઉદાહરણ આપીને તેમની વચ્ચેનો સહસંબંધ સમજાવવો. બાદબાકીની ચકાસણી સરવાળા દ્વારા અને સરવાળાની ચકાસણી બાદબાકી કરીને કરી શકાય છે, તે સ્પષ્ટ કરવું. વિવિધ ઉદાહરણો દ્વારા મહાવરો કરાવવો. દરેક વિદ્યાર્થીઓને સરવાળા બાદબાકીનો સહસંબંધ સમજાય તે જોવું.

# ૧૧ ગુણાકાર

• **સુશોભન સાહિત્ય**



ચાલ, આપણે કઈ વસ્તુઓ કેટલી છે, તે ગણીએ.

કુલ છ ચૉક છે.

પણ તે આટલી જલ્દી ચૉક કેવી રીતે ગણી લીધા?

બે-બે ચૉકના જૂથ પાડીને ગણ્યા.

| બે-બે ચૉકના ત્રણ જૂથ. | બેને ત્રણ વાર લઈ તેનો સરવાળો કર્યો. | એટલે કે બે ગુણ્યા ત્રણ બરાબર છ. |
|---|---|---|

૨ + ૨ + ૨ = ૨ × ૩ = ૬

**ફૂલદાનીના ફૂલ ગણીએ**

એક ફૂલદાનીના ફૂલ = ☐

ફૂલદાનીની સંખ્યા = ☐

કુલ ફૂલ = ☐ + ☐ + ☐

કુલ ફૂલ = ☐ × ☐

એક ફૂલદાનીના ફૂલ × ફૂલદાનીની સંખ્યા

કુલ ફૂલ = ☐

**તોરણના પાન ગણીએ.**

એક તોરણના પાન = ☐

તોરણની સંખ્યા = ☐

કુલ પાન = ☐ + ☐ + ☐ + ☐

કુલ પાન = ☐ × ☐

એક તોરણના પાન × તોરણની સંખ્યા

કુલ પાન = ☐

ગુણાકારનો ઉપયોગ કરીને, પાનની કુલ સંખ્યા બીજી કઈ રીતે ગણી શકાશે?

✻ ઉદાહરણ ગણો.



૫ + ૫ = ☐ × ☐ = ☐



☐ + ☐ = ☐ × ☐ = ☐



☐ + ☐ + ☐ = ☐ × ☐ = ☐



☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐ × ☐ = ☐



☐ + ☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐ × ☐ = ☐

## જાણી લઈએ.

એક ફૂલદાનીમાં ૩ ફૂલ છે. તો એવી ૨ ફૂલદાનીના મળીને કુલ કેટલા ફૂલ થશે?

| એક ફૂલદાનીના ફૂલ | | ફૂલદાનીની સંખ્યા | | કુલ ફૂલ |
|---|---|---|---|---|
| ૩ | × | ૨ | = | ૬ |



✻ દાખલા ગણો.

એક વાટકીમાં ૨ ગુલાબજાંબુ છે, તો એવી ૪ વાટકી મળીને કુલ કેટલાં ગુલાબજાંબુ થશે?

| એક વાટકીમાંના ગુલાબજાંબુ | | વાટકીની સંખ્યા | | કુલ ગુલાબજાંબુ |
|---|---|---|---|---|
| | × | | = | |



એક શર્ટમાટે ૫ બટન જાઈએ છે, તો એવા ૩ શર્ટ માટે કુલ કેટલા બટન જોઈશે?

| એક શર્ટ માટે જોઈતા બટન | | શર્ટની સંખ્યા | | કુલ બટન |
|---|---|---|---|---|
| | × | | = | |





આવાં ચાર ટપકાં ધરાવતાં ૩ કાર્ડ તૈયાર કરો. તેમાંનાં કુલ ટપકાંની સંખ્યા ગણો.

| એક કાર્ડમાં રહેલા ટપકાં | | કાર્ડની સંખ્યા | | કુલ ટપકાં |
|---|---|---|---|---|
| | × | | = | |

• ઘડિયા તૈયાર કરીએ.



શ્યામ : રાણી, આ કેટલાં કુંડાં છે?

રાણી : દસ કુંડાં છે.

શ્યામ : તે કેવી રીતે ગણ્યા?

રાણી : બે-બે કુંડાંનાં જૂથ પાડ્યાં. પાંચ વાર બે લેતા, તેનો સરવાળો દસ આવ્યો. એટલે દસ કુંડાં થયા.

શ્યામ : એટલે કે બે ગુણ્યા પાંચ બરાબર દસ (૨ × ૫ = ૧૦), બે પંચા દસ.

રાણી : તે આ કઈ રીતે ગણ્યા?

શ્યામ : મેં બેના ઘડિયાનો ઉપયોગ કરીને જવાબ આપ્યો.

રાણી : ઘડિયા એટલે શું?

શ્યામ : એક જ સંખ્યા ફરી ફરી લઈને સરવાળો કરીએ, એટલે તે સંખ્યાનો ઘડિયો તૈયાર થાય.

રાણી : તું મને ઘડિયા તૈયાર કરતા શીખવીશ?

શ્યામ : હા, ખુશીથી!

## • ૨નો ઘડિયો

| ચિત્ર રૂપ | સરવાળાનું રૂપ | ગુણાકાર રૂપ | ૨નો ઘડિયો | ગુણાકાર વાચન |
|---|---|---|---|---|
|  | ૨ | ૨ × ૧ | ૨ | બે એકા બે |
|  | ૨ + ૨ | ૨ × ૨ | ૪ | બે દુ ચાર |
|  | ૨ + ૨ + ૨ | ૨ × ૩ | ૬ | બે તરી છ |
|  | ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૪ | ૮ | બે ચોક આઠ |
|  | ૨ + ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૫ | ૧૦ | બે પંચા દસ |
|  | ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૬ | ૧૨ | બે છક બાર |
|  | ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૭ | ૧૪ | બે સતા ચૌદ |
|  | ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૮ | ૧૬ | બે અઠાં સોળ |
|  | ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૯ | ૧૮ | બે નવાં અઢાર |
|  | ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ | ૨ × ૧૦ | ૨૦ | બે દસાં વીસ |

## • ૩નો ઘડિયો

| ચિત્રરૂપ | સરવાળાનું રૂપ | ગુણાકાર રૂપ | ૩નો ઘડિયો | ગુણાકાર વાચન |
|---|---|---|---|---|
|  | ૩ | ૩ × ૧ | ૩ | ત્રણ એકા ત્રણ |
|  | ૩ + ૩ | ૩ × ૨ | ૬ | ત્રણ દુ છ |
|  | ૩ + ૩ + ૩ | ૩ × ૩ | ૯ | ત્રણ તરી નવ |
|  | ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૪ | ૧૨ | ત્રણ ચોક બાર |
|  | ૩ + ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૫ | ૧૫ | ત્રણ પંચા પંદર |
|  | ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૬ | ૧૮ | ત્રણ છક અઢાર |
|  | ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૭ | ૨૧ | ત્રણ સતા એકવીસ |
|  | ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૮ | ૨૪ | ત્રણ અઠાં ચોવીસ |
|  | ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૯ | ૨૭ | ત્રણ નવાં સત્યાવીસ |
|  | ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ + ૩ | ૩ × ૧૦ | ૩૦ | ત્રણ દસા ત્રીસ |

## • ૪નો ઘડિયો

| ચિત્રરૂપ | સરવાળાનું રૂપ | ગુણાકાર રૂપ | ૪નો ઘડિયો | ગુણાકાર વાચન |
|---|---|---|---|---|
|  | ૪ | ૪ × ૧ | ૪ | ચાર એકા ચાર |
|  | ૪ + ૪ | ૪ × ☐ | ૮ | ચાર દુ આઠ |
|  | ૪ + ૪ + ૪ | ૪ × ૩ | ૧૨ | ચાર તરી બાર |
|  | ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ☐ | ૧૬ | ચાર ચોક સોળ |
|  | ૪ + ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ૫ | ૨૦ | ચાર પંચા વીસ |
|  | ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ૬ | ☐ | ચાર છક ચોવીસ |
|  | ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ૭ | ૨૮ | ચાર સતા અઠ્ઠાવીસ |
|  | ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ☐ | ૩૨ | ચાર અઠાં બત્રીસ |
|  | ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ૯ | ☐ | ચાર નવાં છત્રીસ |
|  | ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ | ૪ × ૧૦ | ૪૦ | ચાર દસાં ચાલીસ |

## • ૫નો ઘડિયો

| ચિત્રરૂપ | સરવાળાનું રૂપ | ગુણાકાર રૂપ | ૫નો ઘડિયો | ગુણાકાર વાચન |
|---|---|---|---|---|
|  | ૫ | ૫ × ૧ | ૫ | પાંચ એકા _____ |
|  | ૫ + ૫ | ૫ × ૨ | | પાંચ દુ _____ |
|  | ૫ + ૫ + ૫ | ૫ × ૩ | ૧૫ | પાંચ તરી _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ | ૫ × | ૨૦ | પાંચ ચોક _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ + ૫ | ૫ × ૫ | ૨૫ | પાંચ પંચા _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ | ૫ × ૬ | | પાંચ છક _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ | ૫ × ૭ | ૩૫ | પાંચ સતા _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ | ૫ × | ૪૦ | પાંચ અઠાં _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ | ૫ × | ૪૫ | પાંચ નવાં _____ |
|  | ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ | ૫ × ૧૦ | ૫૦ | પાંચ દસા _____ |



વિદ્યાર્થીઓને પાંચ સુધીના ઘડિયાની સંકલ્પના સમજાવવી. દરેક વિદ્યાર્થીઓને પાંચ સુધીના ઘડિયા ધ્યાનમાં રહે તે જોવું.

✻ ઘડિયા જોયા વગર ઘડિયાનો ઉપયોગ કરીને ઉદાહરણ ગણો.

| | | |
|---|---|---|
| ૫ × ૪ = ☐ | ૨ × ૯ = ☐ | ૩ × ૯ = ☐ |
| ૨ × ૬ = ☐ | ૪ × ૮ = ☐ | ૩ × ૮ = ☐ |
| ૫ × ૭= ☐ | ૩ × ૭ = ☐ | ૪ ×૯ = ☐ |
| ૨ × ☐ = ૧૦ | ☐ × ૬ = ૧૮ | ☐ × ☐ = ૨૮ |

૧૨ = ૨ × ૬ ; ૩ × ૪

૧૬ = ☐ × ☐ ; ☐ × ☐

૧૮ = ☐ × ☐ ; ☐ × ☐

૨૦ = ☐ × ☐ ; ☐ × ☐

૨૪ = ☐ × ☐ ; ☐ × ☐

૩૦ = ☐ × ☐ ; ☐ × ☐

૪૦ = ☐ × ☐ ; ☐ × ☐

૧૨ = ☐ × ☐ ; ☐ × ☐ ; ☐ × ☐

## • તોરણ

આજે દશેરા છે. અવની અને તેનો ભાઈ અંશુમન દરવાજા પર બાંધવાં માટે તોરણ બનાવી રહ્યાં છે. તોરણ કેટલું લાંબુ બનાવવું, એ તેમને સમજાયું નહીં. અંશુમાને દરવાજાની લંબાઈ વેંત વડે માપી.















## વિચાર કરો.

તમને શું લાગે છે? આ વખતે યોગ્ય માપનું તોરણ બનશે કે?

વેંત વડે માપ્યા બાદ, એક ચોક્કસ સાધન વડે માપતા શું થયું. તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. સમાન એકમનો ઉપયોગ કરવાથી તકલીફ નહીં પડે તે જણાવવું.

## • લંબાઈ માપીએ.

રવિના અને સુનીલ પ્રાથમિક ઉપચાર પેટીની લંબાઈ માપે છે. રવિનાએ દિવાસળી વડે લંબાઈ માપી. સુનીલે આઈસ્ક્રીમની ચમચી વડે લંબાઈ માપી.




હવે રવિનાએ પણ આઈસ્ક્રીમની સળી વડે પ્રાથમિક ઉપચાર પેટીની લંબાઈ માપી.




આના પરથી બંનેને સમજાયું કે –

**એક જ વસ્તુ વડે કોઈ પણ લંબાઈ માપે તો, લંબાઈ સમાન જ આવે છે.**

કેટલીક વસ્તુઓ લઈને વિદ્યાર્થીઓને લંબાઈ માપવા કહેવું. સમાન લંબાઈ ધરાવતી વસ્તુ વડે લંબાઈ માપતા, લંબાઈ સમાન જ મળે છે, તે સ્પષ્ટ કરવું.

★ નીચે, આપેલી વસ્તુઓને તમે તમારી વેંત વડે માપો. તમારા શિક્ષક તેમની વેંત વડે માપશે. હવે એક આખી પેન્સિલ વડે તમે બંને તે વસ્તુની લંબાઈ માપો અને કોષ્ટક પૂર્ણ કરો.

| વર્ગમાં રહેલી વસ્તુઓ | વેંત વડે માપતા | | પેન્સિલ વડે માપતા | |
|---|---|---|---|---|
| | તમે | તમારા શિક્ષક | તમે | તમારા શિક્ષક |
|  | | | | |
|  | | | | |
|  | | | | |
|  | | | | |
|  | | | | |



વેંત જેવા અસમાન એકમ વડે એક જ વસ્તુની લંબાઈ માપતા, તે વસ્તુની લંબાઈ જુદી જુદી મળે છે. જ્યારે માત્ર એક જ પેન્સિલ વડે એક જ વસ્તુની લંબાઈ જુદી જુદી વ્યક્તિઓએ માપી ત્યારે વસ્તુની લંબાઈ સમાન મળે છે. વર્ગમાં પ્રાત્યક્ષિક દ્વારા આ બાબત તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું

## • ભારે-હલકું

એક બાગમાં વિવિધ ફળનાં ઝાડ હતાં. ફળો એકબીજા સાથે વાતો કરી રહ્યા હતાં. જેમાં વિષય નીકળ્યો કે ‘કોણ ભારે-કોણ હલકું’? તેનો જવાબ આપવા માટે, તુલના કઈ રીતે કરવી તે પ્રશ્ન ઉભો થયો.




|  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|
| કેરી | કલિંગર | બોર | જાંબુ | પપૈયું | પેરુ |

ઉપરના સંવાદનું કૃતિયુક્ત નાટ્યીકરણ કરાવવું. ‘ભારે – હલકું’ની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.

## કહો જોઈએ!

- વાંદરો શું લઈ આવ્યો?
- કેરી શા માટે મૂંઝાણી હતી?
- ત્રાજવું શા માટે વાપરવું પડ્યું?

* આપેલાં ફળ ભારે છે કે હલકાં તે કેવી રીતે નક્કી કરશો? ( ) કે ત્રાજવાનો ( ) ઉપયોગ કરીને? યોગ્ય જવાબ નીચે ✓ કરો.

| ફળ | | જોઈને ( ) | ત્રાજવું ( ) |
|---|---|---|---|
|  બોર |  પેરુ | | |
|  પેરુ |  કલિંગર | | |
|  કેરી |  સફરજન | | |
|  જાંબુ |  ચીકુ | | |
|  પપૈયું |  નાળિયેર | | |

### પ્રકલ્પ

(૧) રોજિંદા વ્યવહારમાં વપરાતાં વિવિધ ત્રાજવાં વિશે માહિતી તેમજ ચિત્રો ભેગા કરો.

(૨) વજનકાંટાનો ઉપયોગ કરીને પરિસરમાંની વિવિધ વસ્તુઓની તુલના કરો (હલકી છે કે ભારે)

(૩) પરિસરમાં ઉપલબ્ધ પેપરના કપ, દોરી, સ્ટ્રો જેવી વસ્તુઓનો ઉપયોગ કરીને ત્રાજવા બનાવો.

## • ધારકતા




બાળકોને શાળાના બગીચામાં ઊગેલા વૃક્ષોને પાણી આપવાનું છે. માટે બાળકો એકેક બાલદી પાણી લઈ આવ્યા.

✻ જવાબ આપો.

(૧) ક્યા રંગની બાલદીમાં સૌથી ઓછું પાણી છે? ____________

(૨) ક્યા રંગની બાલદીમાં સૌથી વધુ પાણી છે? ____________

ઓછું પાણી સમાણું એટલે ઓછી ધારકતા
વધુ પાણી સમાણું એટલે વધુ ધારકતા

(૩) નીચેનાં ખાનામાં બાલદીની ધારકતાના ચઢતા ક્રમ અનુસાર બાલદીના રંગનું નામ લખો.

(૩) નીચેના ખાનાંમાં બાલદીની ધારકતાના ઉતરતા ક્રમ અનુસાર બાલદીના રંગનુ નામ લખો.

* આપેલા વાસણનું નિરીક્ષણ કરો. વાસણની ધારકતાના ચઢતા ક્રમ અનુસાર ૧થી ૪ ક્રમ આપો.



## કરી જુઓ.

- જુદા જુદા આકારની ચાર તપેલી લો.
- તેમને આકાર પ્રમાણે ચઢતા ક્રમમાં ગોઠવો.
- એક જ પ્યાલાથી ચારેય તપેલી આખી ભરાય તેટલું પાણી રેડો.
- દરેક તપેલીમાં કેટલા પ્યાલા પાણી સમાણું, તે નીચેના ખાનામાં લખો.

(૧) (૨) (૩) (૪)

- તપેલી ભરવા માટે જોઈતાં પ્યાલાંની સંખ્યા ચઢતા ક્રમમાં વધતી જાય છે, તેનું કારણ ચકાસો.

વિદ્યાર્થીઓ સાથે પાણીની જેમ જ દૂધ, તેલ જેવા પદાર્થોનો ઉપયોગ કરીને વાસણની ધારકતા માપવા સંદર્ભે ચર્ચા કરવી.

# ૧૩ ભૌમિતિક આકારો શીખીએ – ભાગ ૨

## • ચિત્રપ્રદર્શન

નીતાએ ફલક પર દોરેલું ચિત્ર જોઈને વર્ગના દરેક બાળકોને કુતૂહલ થયું. તેઓ નીતાને નીચે મુજબ પ્રશ્નો પૂછે છે.





નીતાદીદી તમે આ ચિત્ર કઈ રીતે દોર્યું?



એકદમ સહેલું છે. આ વારલી ચિત્રકળાનું ચિત્ર છે. મેં ચિત્રમાં △, ▭, □, ○ આકારનો ઉપયોગ કર્યો છે.



આ આકારો ક્યા છે?



△ આ આકારને ત્રિકોણ, ▭ આ આકારને લંબચોરસ, □ આ આકારને ચોરસ, ○ આ આકારને વર્તુળ કહે છે. ચિત્ર દોરતી વખતે મેં જુદી જુદી રેખાઓનો પણ ઉપયોગ કર્યો છે.



વિવિધ રેખા એટલે કઈ કઈ રેખા?



| આ ઊભી રેખા, — આ આડી રેખા, \, / આ ત્રાંસી રેખા અને ∼, ∩ આ વક્ર રેખા. ચિત્ર દોરતી વખતે મેં આ રેખાઓનો ઉપયોગ કર્યો છે.

* ઘૂંટો અને દોરો.

| | |
|---|---|
| આડી રેખા |  |
| ઊભી રેખા |  |
| ત્રાંસી રેખા |  |
| વક્ર રેખા |  |
| વક્ર રેખા |  |
| વર્તુળ |  |
| ત્રિકોણ |  |
| લંબચોરસ |  |
| ચોરસ |  |



\, ⊃, ∪, ⊂, ≀ રેખાનો મહાવરો કરાવવો. પરિસરમાં આ રેખા ક્યાં જોવા મળે છે, તે વિશે ચર્ચા કરવી.

✻ રંગોળી પૂર્ણ કરો અને રંગ પૂરો.



✻ △, ▭, □, ○ ભૌમિતિક આકાર અને રેખાની મદદથી તમને ગમતું ચિત્ર દોરો અને રંગ પૂરો.



## • પડછાયાની ગમ્મત

પંજા અને આંગળાંની મદદથી વિદ્યાર્થીઓ પડછાયા વડે વિવિધ પ્રાણીની છાપ ઉપસાવવાની ગમ્મત અનુભવે છે.



શિક્ષકોએ વિદ્યાર્થીઓને આ જ રમત બેટરી અને બ્લૉકની મદદથી રમવા કહ્યું. આ રમત રમતી વખતે વિદ્યાર્થીઓએ પડછાયામાં વિવિધ આકાર શોધ્યા.





## કરી જુઓ.

વિવિધ વસ્તુઓના પડછાયા પાડો અને તેનો આકાર શોધો.

## • ધારનું રેખાટન

અનિતાએ કોરા કાગળ પર ખાલી ખોખું જુદી જુદી રીતે મૂક્યું. કાગળ પર પેન્સિલ વડે તે ખોખાની ધારનું રેખાટન કર્યું. ત્યારે તેને ▭ (લંબચોરસ) આકાર મળ્યો.



મળેલા આકાર : લંબચોરસ ▭ લંબચોરસ ▭ ચોરસ ▢

✻ આપેલી વસ્તુ કાગળ પર મૂકી, તે વસ્તુની ધારનું રેખાટન કરો. મળેલા આકાર લખો.

| વસ્તુ | વસ્તુ રાખીને કરેલું રેખાટન | રેખાટનનું આકાર |
|---|---|---|
|  | | ________________ |
|  | | ________________ |
|  | | ________________ |

## • શુભેચ્છા પત્ર

વસંતે શિક્ષકો માટે શુભેચ્છા પત્ર તૈયાર કર્યું.
શુભેચ્છા પત્ર તૈયાર કરવા માટે નીચેના પગથિયા મુજબ કાર્ય કર્યું.



લંબચોરસ કાગળ લીધો



કાગળના ખૂણામાં ફૂલો લગાવ્યા.



કાગળના પૃષ્ઠભાગ પર, ધાર પાસે નકશીકામ (ડિઝાઈન) કરી.




શુભેચ્છા પત્રના પૃષ્ઠભાગ પર શુભેચ્છા સંદેશ લખ્યો.

### કહો જોઈએ!

* શુભેચ્છા પત્રનો આકાર ક્યો છે?
* શુભેચ્છા પત્રને કુલ કેટલા ખૂણા છે?
* શુભેચ્છા પત્રને કેટલી ધાર છે?
* શુભેચ્છા પત્રને કેટલા પૃષ્ઠભાગ છે?

### પ્રકલ્પ

પ્રસંગાનુસાર વિવિધ આકારના શુભેચ્છા પત્ર તૈયાર કરો.

* સમાન લંબાઈની ચાર સળીની મદદથી ચોરસ તૈયાર કરી શકાય કે?





## કરી જુઓ.

* સમાન લંબાઈની ૬ સળીની મદદથી એક લંબચોરસ તૈયાર કરી શકાશે કે?
* સમાન લંબાઈની ૬ સળીની મદદથી એક ત્રિકોણ તૈયાર કરી શકાશે કે?
* સમાન લંબાઈની ૫ સળીની મદદથી બે ત્રિકોણ તૈયાર કરી શકાશે કે?

* આપેલી વસ્તુનો આકાર ઓળખીને ધાર અને ખૂણાની સંખ્યા લખો.

| વસ્તુ | આકાર | ધારની સંખ્યા | ખૂણાની સંખ્યા |
|---|---|---|---|
|  પતાકા | ______ | | |
|  રુમાલ | ______ | | |
|  પોસ્ટકાર્ડ | ______ | | |

## જાણી લઈએ.

જીવન પાસે ૧૬ મણકા અને જમાલ પાસે ૯ મણકા છે. બંનેના મળીને કુલ કેટલા મણકા થયા?




એટલે કે બંનેના મળીને ૨ દશક ૫ એકમ મણકા એટલે કે ૨૫ મણકા થયા. આને ઊભી માંડણીમાં નીચે મુજબ લખી શકાય.

| | દ | એ |
|---|---|---|
| | ૧ | |
| | ૧ | ૬ |
| + | | ૯ |
| | | ૧૫ |
| | ૨ | ૫ |

વદી

દસ એકમ ભેગા કરીએ તો એક દશક થાય, તેનું પુનરાવર્તન કરાવવું. મણકા, દશક માળ, છૂટા એકમ જેવા ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને, વદ્દીયુક્ત ઉદાહરણનો કૃતિયુક્ત મહાવરો કરાવવો.

૧૮ + ૧૪ = ☐




એટલે કે ૧૮ + ૧૪ = ૩૨ થયા.

| દ | એ |
|---|---|
| ૧ | |
| ૧ | ૮ |
| + ૧ | ૪ |
| | ૧૨ |
| ૩ | ૨ |

- જે સરવાળામાં વદી ચઢાવી હોય, તેને વદીયુક્ત સરવાળા કહેવાય છે.
- જે સરવાળામાં વદી ચડાવવી નથી પડતી, તેને વદી વિનાના સરવાળા કહેવાય છે.

✻ ઉદાહરણ ગણો.

| દ | એ |
|---|---|
| ૧ | |
| ૨ | ૫ |
| + | ૮ |
| ૩ | ૩ |

| દ | એ |
|---|---|
| | |
| ૪ | ૭ |
| + | ૯ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૫ | ૮ |
| + | ૩ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૩ | ૬ |
| + | ૪ |
| | |

## ✻ જુઓ, લખો અને ગણો.



| દ | એ |
|---|---|
| ૧ | |
| ૨ | ૭ |
| + ૨ | ૫ |
| ૫ | ૨ |



| દ | એ |
|---|---|
| | |
| ૨ | ૬ |
| + ૩ | ૫ |
| | |

## ✻ જુઓ, લખો અને ગણો.



| દ | એ |
|---|---|
| | |
| ૩ | ૯ |
| + ૩ | ૬ |
| | |



| દ | એ |
|---|---|
| | |
| | |
| + | |
| | |



| દ | એ |
|---|---|
| | |
| | |
| | |



| દ | એ |
|---|---|
| | |
| | |
| | |

## ✻ દાખલા ગણો.

| દ | એ |
|---|---|
| | |
| ૪ | ૭ |
| + ૨ | ૮ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૫ | ૪ |
| + ૧ | ૮ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૬ | ૯ |
| + ૧ | ૯ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૭ | ૬ |
| + ૧ | ૬ |
| | |

વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો દ્વારા તથા દશક દાંડી, છૂટા એકમ, દશક માળ, મણકા તેમજ પરિસરમાં ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને ઊભી માંડણી કરીને વદ્દીયુક્ત સરવાળાનો મહાવરો કરાવવો.

- એક બાગમાં આંબાના ૩૬ ઝાડ  છે.
- બીજા ૪૫ ઝાડ વાવ્યા.
- હવે બાગમાં કુલ કેટલા આંબાના ઝાડ થયા.

બાગમાં આંબાના કુલ ૮૧ ઝાડ થયા.

| દશક | એકમ |
| --- | --- |
| ૧ | |
| ૩ | ૬ |
| + ૪ | ૫ |
| ૮ | ૧ |

✻ દાખલા ગણો.

- પુસ્તક મેળામાંથી અજય ૩૯ પુસ્તકો  લાવ્યો.
- વિદ્યા ૨૮ પુસ્તકો લાવી.
- બંને મળીને કુલ કેટલા પુસ્તકો લાવ્યા?

બંને મળીને કુલ ☐ પુસ્તકો લાવ્યા.

| દ | એ |
| --- | --- |
| | |
| ૩ | ૯ |
| + ૨ | ૮ |
| | |

ક્રિકેટની  રમતમાં મિતાલીએ ૪૮ રન  બનાવ્યા. શેફાલીએ ૨૫ રન બનાવ્યા, તો બંનેએ મળીને કુલ કેટલા રન બનાવ્યા?

બંનેએ મળીને ☐ રન બનાવ્યા.

| દ | એ |
| --- | --- |
| | |
| ૪ | ૮ |
| + ૨ | ૫ |
| | |

સોહેલ પાસે ૬૧ રૂપિયા  હતા. મમ્મીએ તેને બીજા ૧૯ રૂપિયા આપ્યા, તો હવે સોહેલ પાસે કુલ કેટલા રૂપિયા થયા?

સોહેલ પાસે કુલ ☐ રૂપિયા થયા.

| દ | એ |
| --- | --- |
| | |
| ૬ | ૧ |
| + ૧ | ૯ |
| | |

જ્યોતિ પાસે  ૪૬ મણકા છે. રાણીએ તેને બીજા ૧૭ મણકા આપ્યા. જ્યોતિ પાસે કુલ કેટલા મણકા થયા?

જ્યોતિ પાસે કુલ ☐ મણકા થયા.

| દ | એ |
| --- | --- |
| | |
| | |
| | |

## • સરવાળો (આગળ ગણીને)

૨૪ + ૧૬ = [ ] આ સરવાળો **મણકામાળ** પર કરીએ. ૨૪ થી શરૂ કરીને આગળ ૧૬ મણકા ગણીએ.

૧૬ મણકા



એટલે ૨૪ + ૧૬ = [૪૦]  [૨૪]  [૪૦]

### એકમ કૂદકો મારીને સરવાળો

૨૪ + ૧૬ = [ ] આ સરવાળો **સંખ્યાપટ્ટી** પર કરતી વખતે, ૨૪ થી શરૂ કરીને આગળ ૧૬ એકમ કૂદકા મારીએ.

આગળ ૧૬ એકમ કૂદકા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦

૨૪ + ૧૬ = [૪૦]

### દશક કૂદકાની ગમ્મત










### દશક કૂદકો મારીને સરવાળો

૨૪ + ૧૬ = [ ]

૨૪ + ૧૬

૨૪ + ૧૦ + ૬

એટલેજ સંખ્યાપટ્ટી પર ૨૪ થી શરૂ કરીને ૧ દશક કૂદકા અને ૬ એકમ કૂદકા.

૩૪ + ૬

૩૪થી શરૂ કરીને આગળ ૬ એકમ કૂદકા.

૪૦

૧ દશક કૂદકા    ૬ એકમ કૂદકા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦






### વિચાર કરો.

૨૪ + ૧૬ આ સરવાળો આપણે બીજી કઈ પદ્ધતિથી કરી શકીએ?

## ❋ સંખ્યાપટ્ટીનો ઉપયોગ કરીને સરવાળો કરો.

એકમ કૂદકો મારીને સરવાળો કરો.

૧૭ + ૧૮ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

દશક કૂદકો મારીને સરવાળો કરો.

૧૭ + ૧૮ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

એકમ કૂદકો મારીને સરવાળો કરો.

૧૧ + ૧૯ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

દશક કૂદકો મારીને સરવાળો કરો.

૧૧ + ૧૯ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |



મણકા અને સંખ્યાપટ્ટી પર આગળ ગણીને સરવાળો કરવાનો મહાવરો કરાવવો. સરવાળા માટે લીધેલી સંખ્યાની જોડીમાં બીજી સંખ્યામાં એક અને એક કરતાં વધારે દશકનો પણ સમાવેશ કરવો.

• ૨૬ + ૭ = ☐ આ ઉદાહરણ ૧ થી ૧૦૦નું કોષ્ટક વાપરીને ગણ્યું છે. તેનું નિરીક્ષણ કરો. સમજી લો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ | ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ | ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ | ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ | ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ | ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ | ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૯ | ૧૯ | ૨૯ | ૩૯ | ૪૯ | ૫૯ | ૬૯ | ૭૯ | ૮૯ | ૯૯ |
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

એકમ કૂદકો

✻ ૧ થી ૧૦૦નું કોષ્ટક વાપરી સરવાળો કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | ૨૩ | ૩૬ | ૫૩ | ૩૪ | ૪૩ |
| + ૯ | + ૯ | + ૬ | + ૭ | + ૬ | + ૮ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | ૪૯ | ૬૩ | ૬૫ | ૨૮ | ૭૭ |
| + ૯ | + ૪ | + ૮ | + ૯ | + ૮ | + ૯ |
| | | | | | |

ત્યારબાદ '૧થી ૧૦૦ના કોષ્ટકનો ઉપયોગ' પરથી વિદ્યાર્થીઓને મૌખિક સરવાળા તરફ લઈ જવા.

• ૨૬ + ૧૭ = ☐ આ ઉદાહરણ ૧ થી ૧૦૦નું કોષ્ટક વાપરીને ગણ્યું છે. તેનું નિરીક્ષણ કરો. સમજી લો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ | ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ | ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ | ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| ૬ | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ | ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ | ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ | ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૯ | ૧૯ | ૨૯ | ૩૯ | ૪૯ | ૫૯ | ૬૯ | ૭૯ | ૮૯ | ૯૯ |
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

✻ ૧ થી ૧૦૦નું કોષ્ટક વાપરીને સરવાળો કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | ૨૩ | ૩૬ | ૫૯ | ૪૬ | ૭૩ |
| + ૧૬ | + ૧૭ | + ૧૬ | + ૨૪ | + ૩૮ | + ૧૮ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯ | ૬૩ | ૭૭ | ૫૮ | ૨૯ | ૨૮ |
| + ૧૨ | + ૨૭ | + ૧૩ | + ૨૭ | + ૪૪ | + ૫૩ |
| | | | | | |

# બાદબાકી (દશક છૂટો કરીને, પાછળ ગણીને)

## જાણી લો.

રાજુ અને પ્રજ્ઞા બજારમાં ગયા. પ્રજ્ઞાએ દુકાનદારને નોટબુક લેવા માટે ૨૭ રૂપિયા આપવાના છે.



રાજુ મારી પાસે છે; પણ નોટબુકની કિંમત ૨૭ રૂપિયા છે. હું નોટબુક કેવી રીતે ખરીદું?

તારી પાસે જે ૧૦ રૂપિયાની નોટ છે, તે મને આપ. હું તને ૧ રૂપિયાના ૧૦ સિક્કા આપું છું.

હવે મારી પાસે અને છે.

હવે મારી પાસે છે.

આ આપું છું અને નોટબુક લઉં છું.

હવે તારી પાસે કેટલા રૂપિયા વધ્યા?

મારી પાસે વધ્યા.

**વ્યવહારમાં કેટલીક વાર આપણી પાસે રહેલી રકમમાંથી કેટલીક નોટ અને સિક્કાના છૂટા કરાવવા પડે છે.**

વર્ગમાં વિદ્યાર્થીઓ પાસે ૧૦ રૂપિયાની નોટ/સિક્કા, ૧૦ રૂપિયાના છૂટાનો (૧ રૂપિયાના સિક્કા) ઉપયોગ કરીને રોજિંદા વ્યવહારનું પ્રાત્યક્ષિક કરાવવું. દાંડી, દશકમાળ તેમજ બીજા ઉપલબ્ધ સાહિત્યની મદદથી વિદ્યાર્થીઓને દશક છૂટા કરીને એકમ મેળવવાનો મહાવરો કરાવવો.

- બાદબાકી (દશક છૂટો કરીને)



# જાણી લો.

૨૫ − ૯ = ? આ બાદબાકી દશક છૂટો કરીને ઊભી માંડણી કરીને કરીએ.

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૨ | ૫ |

→

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૧ | ૧૫ |

→

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૧ | ૬ |

→

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૧ | ૬ |

૧ દશક છૂટો કર્યો. તેમાંથી ૯ એકમ બાદ કર્યા બાકી રહ્યા ૧ દશક ૬ એકમ

| દ | એ |
|---|---|
| | |
| ૨ | ૫ |
| − | ૯ |
| | |

વધેલો ૧ દશક

| દ | એ |
|---|---|
| ૧ | ૧૦+૫ |
| ~~૨~~ (૧ દશક) | ~~૫~~ |
| − | ૯ |
| | |

→

| દ | એ |
|---|---|
| ૧ | ૧૫ |
| ~~૨~~ | ~~૫~~ |
| − | ૯ |
| | |

→

| દ | એ |
|---|---|
| ૧ | ૧૫ |
| ~~૨~~ | ~~૫~~ |
| − | ૯ |
| ૧ | ૬ |

૩૧ − ૮ = ?

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૩ | ૧ |

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૨ | ૧૧ |

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૨ | ૩ |

| દશક | એકમ |
|---|---|
|  | |
| ૨ | ૩ |

૧ દશક છૂટો કર્યો. તેમાંથી ૮ એકમ બાદ કર્યા બાકી રહ્યા ૨ દશક ૩ એકમ

| દ | એ |
|---|---|
| | |
| ૩ | ૧ |
| − | ૮ |
| | |

વધેલો ૨ દશક

| દ | એ |
|---|---|
| ૨ | ૧૦+૧ |
| ~~૩~~ (૧ દશક) | ~~૧~~ |
| − | ૮ |
| | |

→

| દ | એ |
|---|---|
| ૨ | ૧૧ |
| ~~૩~~ | ~~૧~~ |
| − | ૮ |
| | |

→

| દ | એ |
|---|---|
| ૨ | ૧૧ |
| ~~૩~~ | ~~૧~~ |
| − | ૮ |
| ૨ | ૩ |

## ✻ દાખલા ગણો.

| દ | એ |
|---|---|
| | |
| ૨ | ૪ |
| − | ૬ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૫ | ૨ |
| − | ૫ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૬ | ૩ |
| − | ૪ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૫ | ૦ |
| − | ૯ |
| | |

૪૫ - ૨૭ = ?

| દશક | એકમ |
|---|---|
| ૪ | ૫ |

| દશક | એકમ |
|---|---|
| ૩ | ૧૫ |

૧ દશક છૂટો કર્યો.

| દશક | એકમ |
|---|---|
| ૧ | ૮ |

તેમાંથી ૭ એકમ અને ૨ દશક બાદ કર્યા.

| દશક | એકમ |
|---|---|
| ૧ | ૮ |

૧ દશક અને ૮ એકમ બાકી રહ્યા

| દ | એ |
|---|---|
| | |
| ૪ | ૫ |
| − ૨ | ૭ |
| | |

વધેલો ૩ દશક

| દ | એ |
|---|---|
| ૩ | ૧૦+૫ |
| ~~૪~~ (૧ દશક) | ~~૫~~ |
| − ૨ | ૭ |
| | |

| દ | એ |
|---|---|
| ૩ | ૧૫ |
| ~~૪~~ | ~~૫~~ |
| − ૨ | ૭ |
| | |

| દ | એ |
|---|---|
| ૧ | ૧૫ |
| ~~૪~~ | ~~૫~~ |
| − ૨ | ૭ |
| ૧ | ૮ |

✲ ગણો.

| દ | એ |
|---|---|
| | |
| ૮ | ૧ |
| − ૨ | ૫ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૫ | ૩ |
| − ૨ | ૯ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૪ | ૦ |
| − ૧ | ૮ |
| | |

| દ | એ |
|---|---|
| | |
| ૬ | ૪ |
| − ૩ | ૭ |
| | |

- એક વર્ગમાં કુલ ૩૬ વિદ્યાર્થીઓ  છે.
- તેમાંથી ૨૯ વિદ્યાર્થીઓ પર્યટન પર ગયા.
- કેટલા વિદ્યાર્થીઓ પર્યટનમાં ગયા નથી?

[૭] વિદ્યાર્થીઓ પર્યટનમાં ગયા નથી.

| દશક | એકમ |
|---|---|
| ૨ | ૧૬ |
| ~~૩~~ | ~~૬~~ |
| − ૨ | ૯ |
| ૦ | ૭ |

✲ ગણો.

- સાઈકલની દુકાનમાં કુલ ૪૩ સાઈકલ  છે.
- તેમાંથી ૨૫ સાઈકલ વેંચાણી.
- તો દુકાનમાં કેટલી સાઈકલ બાકી રહી?

દુકાનમાં [ ] સાઈકલ બાકી રહી.

| દ | એ |
|---|---|
| | |
| ૪ | ૩ |
| − ૨ | ૫ |
| | |

મમ્મી પાસે ૫૪ છૂટ્ટાં-કોરાં પાનાં હતાં. તેમાંથી ૪૮ પાનાની તેમણે નોટ બનાવી, તો મમ્મી પાસે કેટલાં કોરાં પાનાં વધ્યાં?

| દ | એ |
|---|---|
| | |
| | |
| | |

મમ્મી પાસે ☐ કોરાં પાનાં વધ્યાં.

## • બાદબાકી (પાછળ ગણીને)

૨૦ – ૧૬ = ☐ બાદબાકી કરીએ. ૨૦થી શરૂ કરીને પાછળની બાજુ ૧૬ મણકા ગણીએ.




એટલે કે ૨૦ – ૧૬ = ૪

### એકમ કૂદકો મારીને બાદબાકી

૨૦ – ૧૬ = ☐ આ બાદબાકી સંખ્યાપટ્ટી પર કરતી વખતે, ૨૦થી પાછળની તરફ ૧૬ એકમ કૂદકા લઈએ.




| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

### દશક કૂદકો મારીને બાદબાકી

૨૦ – ૧૬ = ☐

૨૦ – ૧૬

૨૦ – ૧૦ – ૬

એટલે કે સંખ્યાપટ્ટી પર ૨૦ થી પાછળ ૧ દશક કૂદકો અને ૬ એકમ કૂદકા

૧૦ – ૬

૧૦ની પાછળ ૬ એકમ કૂદકા

૪




| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|



## વિચાર કરો.

૨૦ – ૧૬ બાદબાકી બીજી કઈ રીતે કરી શકશો?

✻ **સંખ્યાપટ્ટીની મદદથી બાદબાકી કરો.**

એકમ કૂદકો મારીને બાદબાકી કરો.

૩૨ – ૧૮ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

દશક કૂદકો મારીને બાદબાકી કરો.

૩૨ – ૧૮ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

એકમ કૂદકો મારીને બાદબાકી કરો.

૩૬ – ૧૯ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

દશક કૂદકો મારીને બાદબાકી કરો.

૩૬ – ૧૯ = ☐

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |



મણકા અને સંખ્યાપટ્ટી પર પાછળ ગણીને બાદબાકીનો મહાવરો કરાવવો. બાદબાકી માટે લીધેલી સંખ્યાની જોડીમાંની બીજી સંખ્યામાં, એક કરતા મોટા દશકનો સમાવેશ કરવો.

• ૪૬ - ૭ = ☐ આ ઉદાહરણ ૧થી ૧૦૦ નું કોષ્ટક વાપરીને ગણ્યું છે. તેનું નિરીક્ષણ કરો. સમજી લો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ | ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ | ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ | ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ | ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ | ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ | ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૯ | ૧૯ | ૨૯ | ૩૯ | ૪૯ | ૫૯ | ૬૯ | ૭૯ | ૮૯ | ૯૯ |
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

એકમ કૂદકો

✻ ૧થી ૧૦૦ નું કોષ્ટક વાપરીને બાદબાકી કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૨૫ | ૩૪ | ૪૫ | ૫૩ | ૮૭ |
| - ૯ | - ૬ | - ૭ | - ૯ | - ૫ | - ૮ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૮ | ૫૨ | ૯૪ | ૬૧ | ૬૨ | ૯૮ |
| - ૯ | - ૮ | - ૫ | - ૩ | - ૪ | - ૯ |
| | | | | | |



ત્યારબાદ '૧થી ૧૦૦ના કોષ્ટકનો ઉપયોગ' પરથી વિદ્યાર્થીને મૌખિક બાદબાકી તરફ લઈ જવા.

• ૪૬ – ૧૭ = ☐ આ ઉદાહરણ ૧થી ૧૦૦ નું કોષ્ટક વાપરીને ગણ્યું છે. તેનું નિરીક્ષણ કરો. સમજી લો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ | ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ | ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ | ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| ૬ | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ | ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ | ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ | ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૯ | ૧૯ | ૨૯ | ૩૯ | ૪૯ | ૫૯ | ૬૯ | ૭૯ | ૮૯ | ૯૯ |
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

✻ ૧ થી ૧૦૦ નું કોષ્ટક વાપરીને બાદબાકી કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૭ | ૪૫ | ૩૪ | ૪૬ | ૬૪ | ૮૪ |
| – ૨૯ | – ૧૯ | – ૧૮ | – ૨૭ | – ૨૫ | – ૩૭ |
| | | | | | |
| ૯૦ | ૯૧ | ૯૮ | ૬૦ | ૬૬ | ૯૮ |
| – ૨૨ | – ૨૩ | – ૫૯ | – ૪૩ | – ૩૭ | – ૨૯ |
| | | | | | |



ત્યારબાદ '૧થી ૧૦૦ના કોષ્ટકનો ઉપયોગ' પરથી વિદ્યાર્થીને મૌખિક બાદબાકી તરફ લઈ જવા.

## ૧૬ માહિતી મેળવીએ



* **ચિત્રનું નિરીક્ષણ કરો અને લખો.**

(૧) ભીંત પર કેટલી ચોરસ ઘડિયાળ છે?

(૨) ભીંત પર કેટલી વર્તુળાકાર ઘડિયાળ છે?

(૩) કાળો પટ્ટો ધરાવતી કેટલી કાંડા ઘડિયાળ છે?

(૪) ગુલાબી પટ્ટો ધરાવતી કેટલી કાંડા ઘડિયાળ છે?

(૫) ચોરસ કાચ ધરાવતા કેટલા ચશ્મા છે?

(૬) વર્તુળાકાર કાચ ધરાવતા કેટલા ચશ્મા છે?

(૭) કાંડા ઘડિયાળ કરતા ચશ્માની સંખ્યા કેટલી વધુ છે?

(૮) ચશ્મા કરતાં ભીંત પરની ઘડિયાળ કેટલી ઓછી છે?

પાન, ફૂલ તેમજ રોજિંદા વપરાશની વસ્તુઓ વાપરીને માહિતી પૂછવી. આ રીતે જુદા જુદા પ્રશ્નોનો મહાવરો કરાવવો.

* સાચું કે ખોટું ઓળખીને, ચોરસમાં ✗ અથવા ✓ ની નિશાની કરો.

(૧) ચોરસ કાચના ચશ્મા, વર્તુળાકાર કાચના ચશ્મા કરતા વધુ છે. ☐

(૨) ભીંત પરની ચોરસ ઘડિયાળ, ભીંત પરની વર્તુળાકાર ઘડિયાળ કરતા વધુ છે. ☐

(૩) કુલ કાંડાં ઘડિયાળ એક દશક કરતા ઓછી છે. ☐

* ખાનામાં યોગ્ય સંખ્યા લખો.

(૧) ગુલાબી પટ્ટો અને કાળો પટ્ટો ધરાવતી ઘડિયાળોનો સરવાળો ☐ છે.

(૨) ભીંત પરની ચોરસ ઘડિયાળ અને ભીત પરની વર્તુળાકાર ઘડિયાળનો સરવાળો ☐ છે.

(૩) ચોરસ કાચ ધરાવતા ચશ્મા અને વર્તુળાકાર કાચ ધરાવતા ચશ્માનો સરવાળો ☐ છે.

(૪) કાળો પટ્ટો ધરાવતી કાંડા ઘડિયાળની સંખ્યા એક દશક કરતા ☐ જેટલી ઓછી છે.

(૫) ભીંત પરની ચોરસ ઘડિયાળોમાંથી ૩ ઘડિયાળ વેચાઈ ગઈ તો ☐ ઘડિયાળ બાકી રહી.

(૬) ભીંત પર ૯ ચોરસ ઘડિયાળ છે. તેમાંથી ૩ ઘડિયાળ વેચાઈ ગઈ. ☐ ઘડિયાળ બાકી રહી.

## પ્રકલ્પ

(૧) શિક્ષકની મદદ લઈ, તમારી શાળાના ધો.૧થી ૪ ના વર્ગની મુલાકાત લો. તે વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા પૂછી, નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| ધોરણ | છોકરાઓ | છોકરીઓ | વર્ગમાં કુલ વિદ્યાર્થી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

(૨) વાલીની મદદથી કોઈપણ પાંચ કુટુંબની મુલાકાત લો. તે કુટુંબમાં સ્ત્રી અને પુરુષની સંખ્યા પૂછી આપેલું કોષ્ટક પૂર્ણ કરો.

| કુટુંબ ક્રમાંક | સ્ત્રી | પુરૂષ | કુટુંબની કુલ વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

# ૧૭ આકૃતિબંધ




### આશાએ કરેલી માંડણી



### વિવેકે કરેલી માંડણી

A B A B A B A B A B A B A B

બંન્ને માંડણીની શૈલી સમાન છે. કઈ રીતે?

- બે જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કર્યો છે.
- તેને એક પછી એક ગોઠવી છે.

માંડણીના આવા વર્ણનને શૈલી કહેવાય છે.

આશાએ એક પાન અને એક ફૂલ એવી માંડણી કરી છે, જ્યારે વિવેકે A અને B એ મુજબ માંડણી કરી છે. બંને માંડણીની શૈલી સમાન જ છે.

**અને A B ની ઉપર મુજબ વિશિષ્ટ પદ્ધતિ થી કરેલી માંડણીને આકૃતિબંધ કહેવાય છે.**

જો પાનને A અને ફૂલને B કહીએ, તો ઉપરની બંને માંડણી સરખી જ છે. એટલે કે, આ બંને આકૃતિબંધની શૈલી સમાન છે.

- આકૃતિબંધ A, B, C અક્ષરો વડે દર્શાવી શકાશે.
- ઉદાહરણ તરીકે,

| | આકૃતિબંધ | શૈલી |
|---|---|---|
| જેમ કે, |  | AB |
| જેમ કે, |  | ABB |

✻ નીચેના આકૃતિબંધ ઓળખો. A, B અને C અક્ષર દ્વારા તેમની શૈલી દર્શાવો.



__________



__________



__________



__________

* A → ○, B → △, C → □ આ આકારનો ઉપયોગ કરીને આકૃતિબંધ તૈયાર કરો.

| | |
|---|---|
| **AB** | ○△ ○△ ○△ ○△ ○△ ○△ ○△ |
| **AAB** | |
| **ABB** | |
| **BAB** | |
| **ABA** | |
| **ABC** | |

* આકૃતિબંધ પૂર્ણ કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ☺ | ☹ | ☺ | ☹ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ↑ | → | ↓ | ← | | | | |



* આપેલા હાથના પંજા પર આકૃતિબંધ વાપરીને મહેંદીની ડિઝાઈન તૈયાર કરો.



* હાથના વેઢા, ઝાડના પાન, કાગળના કૂચા, ભીંડો, બટાટા, કાંદા વગેરેનો ટુકડો રંગમાં બોળી, તેમની છાપ વડે એક આકૃતિબંધ તૈયાર કરો. તેના આધારે માંડણી કરો.

વિદ્યાર્થીઓને જુદા જુદા આકૃતિબંધનો મહાવરો કરાવવો. જુદા જુદા આકૃતિબંધ તૈયાર કરાવવા. વિદ્યાર્થીઓ પાસે તેમને ગમતા રંગનો ઉપયોગ કરીને જુદા જુદા આકૃતિબંધ તૈયાર કરાવવા.

## • અંગ્રેજી વર્ષના મહિના (ગ્રેગરિયન વર્ષ)




ગ્રેગરિયન વર્ષ જાન્યુઆરી મહિનાથી શરૂ થાય છે અને ડિસેમ્બર મહિનામાં વર્ષ પૂરું થાય છે. ફરી જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થાય.

### ✻ જવાબ લખો.

(૧) એક વર્ષમાં ૩૧ દિવસ ધરાવતા મહિના કેટલા?

(૨) ફેબ્રુઆરી મહિનામાં કેટલા દિવસ હોય છે?

(૩) એક વર્ષમાં કેટલા મહિના હોય છે?

(૪) એક વર્ષમાં 30 દિવસ હોય તેવા મહિના કેટલા?

(૫) વર્ષનો પહેલો મહિનો ક્યો?

(૬) વર્ષનો છેલ્લો મહિનો ક્યો?

(૭) ૩૧ દિવસ હોય તેવા સળંગ બે મહિના ક્યા?

(૮) જાન્યુઆરીથી જૂન સુધી કેટલા મહિના હોય છે?

(૯) મે મહિના પછી તરત આવતો મહિનો ક્યો?

એક અંગ્રેજી વર્ષમાં ૩૬૫ દિવસ હોય છે. જે વર્ષે ફેબ્રુઆરીમાં ૨૯ દિવસ હોય, તે વર્ષમાં ૩૬૬ દિવસ હોય છે. આવા વર્ષને લીપ વર્ષ કહેવાય છે, તે વિદ્યાર્થીઓને સમજાવવું અને ચર્ચા કરવી.

• ઋતુચક્ર




## કહો જોઈએ!

* ઉનાળાના મહિના કયા? ______, ______, ______, ______
* શિયાળાની શરૂઆત કયા મહિનાથી થાય છે? ______
* ઑગસ્ટ મહિનામાં કઈ ઋતુ હોય છે? ______
* એક ઋતુમાં સામાન્યપણે કેટલા મહિના હોય છે? ______

ઋતુ અને ઋતુમાં વપરાતાં કપડાં તેમજ તૈયાર કરાતા ખાદ્યપદાર્થો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

## • ભારતીય સૌર વર્ષના મહિનાઓ




ભારતીય સૌર વર્ષ ચૈત્ર મહિનાથી શરૂ થાય છે અને ફાગણ મહિનામાં પૂરું થાય છે. ચૈત્ર મહિનામાં પાછું નવું સૌર વર્ષ શરૂ થાય છે.

✻ ભારતીય સૌર વર્ષના મહિનાના નામ ક્રમાનુસાર લખો.



- દિનદર્શિકા







દિનદર્શિકામાં કેટલીક તારીખ અને વાર લાલ રંગના કેમ દર્શાવવામાં આવે છે તે વિદ્યાર્થીઓને સમજાવવું. વારનું પુનરાવર્તન કરાવવું.


૧૦ તારીખથી ૧૬ તારીખ સુધીમાં કઈ કઈ તારીખે રજા છે?
૧૦ અને ૧૫ તારીખે રજા છે.
તો આ અઠવાડિયામાં ક્યા વારે શાળાએ જવાનું છે?
આ અઠવાડિયામાં સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરૂવાર અને શનિવારે શાળામાં જવાનું છે.
આ અઠવડિયામાં કેટલા દિવસ શાળામાં ગયા?
૫ દિવસ શાળામાં ગયા.
૧ તારીખથી ૧૦ તારીખ સુધીમાં કેટલા દિવસ શાળાએ ગયા?
૭ દિવસ શાળાએ ગયા.
શાબાસ !
બધાંએ સાચા જવાબ આપ્યા.

* ૨૦૨૭ની દિનદર્શિકામાં જાન્યુઆરી મહિનાનું નિરીક્ષણ કરો. સાચા જવાબને ○ કરો.

(૧) પહેલા રવિવારે કઈ તારીખ છે? (૩, ૪, ૫)

(૨) ૮ તારીખે ક્યો વાર છે? (સોમવાર, મંગળવાર, શુક્રવાર)

(૩) આ મહિનામાં પહેલાં દિવસે ક્યો વાર છે? (ગુરુવાર, શુક્રવાર, શનિવાર)

(૪) મહિનાના છેલ્લા દિવસે ક્યો વાર છે? (શુક્રવાર, શનિવાર, રવિવાર)

(૫) આ મહિનામાં કેટલા શુક્રવાર છે? (૪, ૫, ૬)

(૬) ૧ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ ક્યો વાર છે? (સોમવાર, મંગળવાર, રવિવાર)

* ચાલુ વર્ષની દિનદર્શિકામાંથી તમારો જન્મદિવસ જે મહિનામાં આવે છે, તે મહિનો શોધો અને લખો. તમારી જન્મતારીખના ચોરસમાં રંગ પૂરો.

મહિના : ______________ વર્ષ : ☐

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

## • રાજગઢની સફર

**૧૬ ઓક્ટોબર**















## ૧૭ ઓક્ટોબર

સવારે સૌ વહેલા જાગી ગયાં.









## કહો જોઈએ!

- સરિતાનુ કુટુંબ ક્યાંની સફરે ગયું હતું?
- સરિતાનું કુટુંબ કઈ તારીખે નીકળ્યું?
- રજતનું કુટુંબ કઈ તારીખે ઘરે પાછું ફર્યું?
- ઘરેથી નીકળ્યા બાદ તેમણે કેટલા કલાક પ્રવાસ કર્યો?
- કિલ્લા પર પહોંચ્યા બાદ, કેટલા કલાક પછી તેમણે કિલ્લો ઉતરવાની શરૂઆત કરી?

 : હું આજે સાંજે ૪ વાગ્યાથી ૬ વાગ્યા સુધી ક્રિકેટ રમતો હતો.

 : સાંજે ૪ વાગ્યાથી ૬ વાગ્યા સુધી એટલે તું કેટલા કલાક ક્રિકેટ રમ્યો?

 : સાંજે ૪ વાગ્યાથી ૫ વાગ્યાસુધી ૧ કલાક, ૫ વાગ્યાથી ૬ વાગ્યા સુધી ☐ કલાક, એમ કુલ ☐ કલાક ક્રિકેટ રમ્યો.

*** કેટલા કલાક થાય? તે કહો.**

(૧) સવારે ૬ થી સવારના ૧૦ વાગ્યા સુધી = ☐ કલાક

(૨) બપોરના ૧ થી બપોરના ૩ વાગ્યા સુધી = ☐ કલાક

(૩) સાંજે ૪ થી રાત્રે ૭ વાગ્યા સુધી = ☐ કલાક

(૪) રાત્રે ૮ થી રાત્રે ૯ વાગ્યા સુધી = ☐ કલાક

(૫) સવારે ૬ થી સવારે ૧૧ વાગ્યા સુધી = ☐ કલાક

## એક દિવસ

**શિક્ષક** : બાળકો, આજે આપણી શાળા કેટલા વાગે શરૂ થઈ?

**સાકેત** : સવારે ૯ વાગે શાળા શરૂ થઈ.

**શિક્ષક** : સારું, આવતી કાલે શાળા કેટલા વાગે શરૂ થશે?

**સોનલ** : આવતી કાલે પણ સવારે ૯ વાગે શરૂ થશે.

**શિક્ષક** : બરાબર ! આજે સવારે ૯થી આવતી કાલે ૯ વાગ્યા સુધી ૨૪ કલાક થાય. તેને **એક દિવસ** કહેવાય.

**શિક્ષક** : એક ચોક્કસ સમયથી બીજા દિવસે તે જ સમય સુધી ૨૪ કલાક થાય. તેને જ "**એક દિવસ**" કહેવાય.

**૨૪ કલાક = એક દિવસ**

### ✻ પ્રશ્ન વાંચો, યોગ્ય પર્યાય સામેના ચોરસમાં ✓ ખૂણ કરો.

(૧) અભિએ આજે સવારે ૭ વાગ્યે સ્નાન કર્યું. ૨૪ કલાક બાદ તે ક્યારે સ્નાન કરશે?

(અ) આજે સાંજે ૭ વાગ્યે ☐

(બ) કાલે સવારે ૭ વાગ્યે ☐

(૨) ૨૪ કલાક એટલે કેટલા દિવસ થાય?

(અ) ૨૪ કલાક એટલે ૨ દિવસ થાય. ☐

(બ) ૨૪ કલાક એટલે ૧ દિવસ થાય. ☐

### ✻ કોષ્ટક પૂર્ણ કરો.

| ગઈકાલે | આજે | આવતીકાલે |
|---|---|---|
| રવિવાર | સોમવાર | મંગળવાર |
| શનિવાર | __________ | __________ |
| __________ | __________ | ગુરૂવાર |



એક ડબ્બામાં ૨૪ કલાકમાં કરવાની ૨૪ કૃતિઓ લખેલી ચિઠ્ઠીઓ મૂકવી. એક વિદ્યાર્થીને એક ચિઠ્ઠી કાઢવા કહેવું અને તેના પર લખેલી કૃતિ અને સમય ફલક (બોર્ડ) પર લખવા કહેવું.

# બાળ આનંદમેળો




* રોહને બાળ આનંદમેળામાં શાકભાજી અને ફળોનું વેચાણ કર્યું. તેણે વેચેલા ફળ અને શાકભાજીની કુલ કિંમત નીચેના કોષ્ટકમાં આપી છે. કોષ્ટકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

|  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|
| ₹30 | ₹ | ₹ | ₹ | ₹ | ₹ |

(૧) રોહને ₹ ______ નાં ફળો વેચ્યાં.

(૨) રોહને ₹ ______ ની પાંદડાંવાળી ભાજી વેચી.

(૩) રોહને ₹ ______ નું શાક વેચ્યુ.

રોહને જુદી જુદી નોટ અને સિક્કા જોયા. તમે પણ નીચે આપેલી નોટ અને સિક્કા જુઓ.




- પરવીન કૌર પાસે ₹ ૫૦ હતા. તેણે દુકાનદાર પાસેથી ₹ ૫૦ રૂપિયાના છુટ્ટા લીધા. તેને નીચે મુજબ છુટ્ટા મળ્યા.




✻ ₹ ૫૦ના છુટ્ટા બીજી કઈ કઈ રીતે કરી શકાય?



વિદ્યાર્થીઓને જુદી જુદી ચલણી નોટો જોવા આપવી. તેના પર આધારિત જુદા જુદા પ્રશ્નો પૂછવા. જેમકે, ૧૦૦ રૂપિયાની નોટ પર ૧૦૦ કેટલી વાર લખ્યું છે? જુદી જુદી નોટો પર છાપેલાં સ્મારકો વિશે ચર્ચા કરવી.

## ● રમકડાંની દુકાન




**રમકડાંની કિંમત**

| | | | |
|---|---|---|---|
| ફુગ્ગો | – ₹ ૧૦ | મોટો દડો | – ₹૩૦ |
| પતંગ | – ₹ ૧૫ | બેટ | – ₹ ૩૫ |
| નાનો દડો | – ₹ ૨૦ | કાર | – ₹ ૪૦ |
| ટાવર | – ₹ ૨૫ | બસ | – ₹ ૫૦ |
| પિચકારી | – ₹ ૩૦ | ટેડીબેઅર | – ₹ ૬૦ |

✻ નીચેનાં રમકડાં વેચીને દુકાનદારને કેટલા રૂપિયા મળશે તે લખો.

| | |
|---|---|
|   ₹૧૦ + ₹૧૫ | ₹૨૫ |
|   ₹૪૦ + ₹૨૦ | ₹ |
|   ₹૨૫ + ₹૩૦ | ₹ |
|   ₹☐ + ₹☐ | ₹ |

* તમારા મિત્રો પાસે નીચેની રકમ છે. તેઓ ક્યા ક્યા રમકડાં ખરીદી શકશે? ચિત્રો દોરો અને કિંમત લખો.

| | | |
|---|---|---|
| સૂરજ | ₹૪૦ |  ₹૨૫  ₹૧૫ |
| રેણુકા | ₹૫૫ | |
| શબાના | ₹૬૫ | |
| નિહાલ | ₹૭૦ | |

* તમારા મતે, ક્યાં બે રમકડાં વેચવાથી, દુકાનદારને વધુ પૈસા મળશે? તે રમકડાંના ચિત્રો દોરો અને તેમાં રંગ પૂરો.

કુલ રકમ – 

✻ નીચેની રકમ તમને આપવાની છે. તે માટે નોટ અને સિક્કા પસંદ કરી, તેના ફરતે ◯ કરો.







✻ ઓછામાં ઓછા સિક્કા અને નોટનો ઉપયોગ કરીને આપેલી રકમ તૈયાર કરો.




✻ આપેલી રકમ બે રીતે તૈયાર કરો. એક રીતે પસંદ કરેલા નોટ અને સિક્કા પર ◯ કરો, અને બીજી રીતે પસંદ કરેલા નોટ અને સિક્કા પર ☐ કરો.






વિદ્યાર્થીઓ પાસે એક જ રકમ જુદી જુદી પદ્ધતિથી તૈયાર કરાવવી. પ્રત્યક્ષ સિક્કા અને નોટો વાપરીને જુદા જુદા વ્યવહારિક ઉદાહરણોનો મહાવરો કરાવવો.

# ગુણાકારનો ઉપયોગ

શાળાનાં મેદાનમાં બાળકો કવાયત માટે ઊભાં હતાં. ચિંટુ અને પિંકીએ જુદી જુદી પદ્ધતિથી બાળકોની સંખ્યા ગણી.

**ચિંટુએ આડી હરોળમાં બાળકોની સંખ્યા ગણી.**

| એક હરોળમાં બાળકોની સંખ્યા | | હરોળની સંખ્યા | | કુલ બાળકો |
|---|---|---|---|---|
| ૩ | × | ૨ | = | ૬ |



**પિંકીએ ઊભી હરોળમાં બાળકોની સંખ્યા ગણી.**

| એક હરોળમાં બાળકોની સંખ્યા | | હરોળની સંખ્યા | | કુલ બાળકો |
|---|---|---|---|---|
| ૨ | × | ૩ | = | ૬ |

**બંનેના જવાબ સરખા જ છે.**

✻ ચિત્રો જુઓ. શીખી લો. ગણો. ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.



૪ × ૨ = ☐

૪ પુસ્તકોનું એક જૂથ એવા ૨ જૂથ



૨ × ૪ = ☐

૨ પુસ્તકોનું એક જૂથ એવા ૪ જૂથ

કહો જોઈએ, બંને જવાબ સરખા જ આવશે કે !

✻ ગુણાકાર કર.

૨ × ૪ = ☐  ૪ × ૫ = ☐  ૩ × ૪ = ☐

૪ × ૨ = ☐  ૫ × ૪ = ☐  ૪ × ૩ = ☐

✻ ઉદાહરણ ગણો.

એક સાઈકલના ૩ પૈડાં, તો એવી ૫ સાઈકલના મળીને કુલ કેટલા પૈડાં થશે?

| એક સાઈકલનાં પૈડાં | | સાઈકલની સંખ્યા | | કુલ પૈડાં |
|---|---|---|---|---|
| ☐ | × | ☐ | = | ☐ |



એક હરોળમાં ૪ ઝાડ છે, એવી ૫ હરોળ મળીને કુલ કેટલા ઝાડ થયા?

| એક હરોળમાં ઝાડની સંખ્યા | | હરોળની સંખ્યા | | કુલ ઝાડ |
|---|---|---|---|---|
| $\square$ | × | $\square$ | = | $\square$ |



એક પતંગની કિંમત ૪ રૂપિયા છે, એવા ૮ પતંગની કુલ કિંમત કેટલી?

| એક પતંગની કિંમત | | પતંગની સંખ્યા | | રૂપિયા |
|---|---|---|---|---|
| $\square$ | × | $\square$ | = | $\square$ |



એક રબરની કિંમત ૫ રૂપિયા છે, તો એવા ૫ રબરની કુલ કિંમત કેટલી?

| એક રબરની કિંમત | | રબરની સંખ્યા | | રૂપિયા |
|---|---|---|---|---|
| $\square$ | × | $\square$ | = | $\square$ |



શંકર પાસે ૨ રૂપિયાના ૧૦ સિક્કા છે, તો તેની પાસે કુલ કેટલા રૂપિયા છે?

| એક સિક્કાની કિંમત | | સિક્કાની સંખ્યા | | રૂપિયા |
|---|---|---|---|---|
| $\square$ | × | $\square$ | = | $\square$ |



## • ગુણાકાર કોષ્ટક

✻ નીચેના કોષ્ટકમાં ૫ × ૩ = ૧૫ દર્શાવ્યું છે. ખાલી ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

| × | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ |
| ૩ | ૩ | ૬ | ૯ | | |
| ૪ | ૪ | ૮ | | ૧૬ | |
| ૫ | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |
| ૯ | | | | | |
| ૧૦ | ૧૦ | | | | |

✻ ગુણાકાર કોષ્ટકનો ઉપયોગ કરીને સમાન ઉત્તર આવે, તેવા વિવિધ ઉદાહરણો તૈયાર કરો.

| | | | |
|---|---|---|---|
| ૧ × ૮ = ૮ | □ × □ = ૧૦ | □ × □ = ૧૨ | □ × □ = ૧૬ |
| ૪ × ૨ = ૮ | □ × □ = ૧૦ | □ × □ = ૧૨ | □ × □ = ૧૬ |
| ૨ × ૪ = ૮ | □ × □ = ૧૦ | □ × □ = ૧૨ | |



વિદ્યાર્થીઓ પાસે સમાન ઉત્તર આવે તેવા ઉદાહરણો તૈયાર કરાવવા. દરેક વિદ્યાર્થીને ગુણાકાર કોષ્ટક તૈયાર કરવા કહેવું. તે કોષ્ટકમાં દરેક વિદ્યાર્થીને એક ઘડિયો આપીને તેમાં આવતી સંખ્યા ધરાવતા ચોરસને રંગવા કહેવું. તૈયાર થયેલા આકૃતિબંધનું નિરીક્ષણ કરવા કહેવું.

## ● સમાન વહેંચણી






કઈ રીતે વહેંચણી કરાય? વહેંચણી કર્યા બાદ દરેકને કેટલી વસ્તુ મળી? કેટલા લોકોમાં વસ્તુ વહેંચાણી? તેનું પ્રાત્યક્ષિક કરાવવું. સમાન જૂથ અને ફરી ફરી બાદબાકીની સંકલ્પના સ્પષ્ટ કરવા માટે ઉપર મુજબ જુદા જુદા ઉદાહરણો આપવા.

* આપેલી કુલ પેન્સિલ ગણો. સંખ્યા લખો. મોહન, મયૂરી અને સોનાલીને આ પેન્સિલ સરખે ભાગે વહેંચી આપો. તેમના નામની નીચે પેન્સિલની સંખ્યા લખો.



| કુલ પેન્સિલ | મોહન | મયૂરી | સોનાલી |
|---|---|---|---|
| | | | |

કુલ પેન્સિલ = ☐ કેટલા લોકોમાં વહેંચી? ☐ દરેકને મળનારી પેન્સિલ = ☐

* આપેલી કુલ લખોટીઓ ગણો. સંખ્યા લખો. સરિના, કુણાલ અને ઈકરામાં આ લખોટી સમાન ભાગે વહેંચો. તેમના નામની નીચે લખોટીના સંખ્યા લખો.

| કુલ લખોટી | સરિના | કુણાલ | ઈકરા |
|---|---|---|---|
| | | | |



કુલ લખોટી = ☐ કેટલા લોકોમાં વહેંચી? ☐ દરેકને મળેલી લખોટી = ☐

**વસ્તુના સમૂહમાંથી વસ્તુની સમાન વહેંચણી કરવી, એટલે જ ભાગાકાર**

- **સમાન જૂથ – સમાન જૂથ તૈયાર કરવા માટે ફરી ફરી બાદબાકી.**






| | | |
|---|---|---|
| મમ્મી કુલ પેરુ લાવ્યાં | = | ૮ |
| દરેક જૂથમાં પેરુની સંખ્યા | = | ૪ |
| કુલ જૂથ | = | ૨ |

| |
|---|
| ૮ પેરુમાંથી વધુમાં વધુ ૪ પેરુ ૨ વખત ઓછાં થયા. |
| ૮ માંથી ૪ની સંખ્યા વધુમાં વધુ બે વાર બાદ કરી. |

✻ જૂથ પાડો. ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

| વસ્તુ | કેટલી વસ્તુના જૂથ | જૂથ |
|---|---|---|
|  નોટબુક = ૮ | ૪ | ☐ |
|  પેન્સિલ = ☐ | ૩ | ☐ |
|  લખોટી = ☐ | ૫ | ☐ |

વસ્તુના સમૂહમાંથી વસ્તુની સમાન જૂથમાં વિભાગણી કરવી, એટલે જ ભાગાકાર

* વધુમાં વધુ વખત બાદબાકી કરો. ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

| વસ્તુ | કુલ વસ્તુ | દર વખતે ઓછી કરેલી વસ્તુ | વધુમાં વધુ કરેલી બાદબાકી |
|---|---|---|---|
| ● ●/● ●/● ●/● ●/● ● | ૧૦ | ૨ | ૫ |
| ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ | ૧૨ | ૩ | |
| ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ ✶ | ૧૬ | ૪ | |

વસ્તુની સંખ્યામાંથી એકજ સંખ્યા ફરી ફરી બાદ કરવી, એટલે જ ભાગાકાર

* સૂચના અનુસાર ભાગાકાર કરો, ચર્ચા કરો અને શીખી લો.

| ઉદાહરણ | | જવાબ |
|---|---|---|
| બે જણને ૧૦ ચોક સમાન ભાગે વહેંચો. | ☐ જણમાં સમાન વહેંચણી | દરેકને ભાગે આવેલા ચોક = ☐ |
| ૧૦ ચોકના બે-બેના જૂથ તૈયાર કરો. | દરેક જૂથમાં ચોકની સંખ્યા ☐ | જૂથની સંખ્યા = ☐ |

ઉપરના બંને ઉદાહરણમાં જવાબ સમાન છે કે ભિન્ન? ચર્ચા કરો.

**આપણે ઉપરના ત્રણેય ઉદાહરણમાં ભાગાકારની ક્રિયા કરી છે.**

ભાગાકાર માટે '÷' ચિહ્નનો ઉપયોગ કરવામાં આવે છે.

ગણિતમાં ઉપરની ક્રિયા '૧૦ ÷ ૨ = ૫' આ રીતે લખાય છે.
તેનું વાચન '૧૦ ભાગ્યા ૨ બરાબર ૫' એમ કરવામાં આવે છે.

✲ સાચા જવાબ પર ◯ કરો.

૧૫: ૧૧ - ૫, ૧૦ + ૫, ૧૯ - ૪, ૯ + ૪

૧૮: ૨૦ - ૨, ૯ + ૮, ૨૦ + ૨, ૧૧ + ૭

૧૩: ૮ + ૫, ૧૯ - ૬, ૯ + ૬, ૧૮ - ૪

૧૧: ૧૫ - ૧, ૧૧ + ૦, ૧૬ - ૫, ૭ + ૪

✲ ખોટા જવાબ પર ◯ કરો.

૧૦: ૭ + ૩, ૨ × ૫, ૫ + ૨, ૧૧ - ૧

૧૮: ૨૦ - ૨, ૬ × ૩, ૯ + ૭, ૧૫ + ૩

* ખજાનો શોધો.



રજત અને પ્રણિતા એક બાગમાં 'ખજાનો શોધો'ની રમત રમી રહ્યા છે. તેમની પાસે બહાર નીકળવાના બે રસ્તા છે. એક રસ્તો આંબાના ઝાડ પાસેથી પસાર થાય છે, જ્યારે બીજો રસ્તો વડના ઝાડ પાસેથી પસાર થાય છે. રજત આંબાના ઝાડ પાસેના રસ્તે જવા નીકળ્યો છે. જ્યારે પ્રણિતા વડના ઝાડ પાસેથી જતા રસ્તેથી નીકળી છે.

(૧) ક્યો રસ્તો લાંબો છે?

(૨) ક્યો રસ્તો ટૂંકો છે?

(૩) રસ્તામાં તેમને સિક્કા ભરેલી કેટલીક થેલીઓ મળે છે. સોનેરી થેલીમાં પાંચ સિક્કા છે. જ્યારે રૂપેરી થેલીમાં ત્રણ સિક્કા છે, તો રજત અને પ્રણિતાને કેટલા સિક્કા મળશે?

* અરીસાની મદદથી સંખ્યા ઓળખો અને લખો.




* આકાર ગણો અને લખો.



* આકાર ગણો અને લખો.

(૧) વર્તુળની સંખ્યા = ☐

(૨) ત્રિકોણની સંખ્યા = ☐

(૩) લંબચોરસની સંખ્યા = ☐

વિદ્યાર્થીઓને ઉપર મુજબ સંખ્યાકાર્ડનો ઉપયોગ કરીને અરીસાની મદદથી સંખ્યા ઓળખવાનો મહાવરો કરાવવો.

* સરવાળો ૪૮ આવે, એવા ઉદાહરણ તૈયાર કરો.

૩૦ + ૧૮

☐ + ☐ + ☐ ☐ + ☐ + ☐

**૪૮**

☐ + ☐ + ☐ + ☐ ☐ + ☐ + ☐ + ☐

☐ + ☐ + ☐ + ☐ + ☐

* સરવાળો ૭૪ આવે, એવા ઉદાહરણ તૈયાર કરો.

૫૦ + ૨૪

☐ + ☐ + ☐ ☐ + ☐ + ☐

**૭૪**

☐ + ☐ + ☐ + ☐ ☐ + ☐ + ☐ + ☐

☐ + ☐ + ☐ + ☐ + ☐

વિદ્યાર્થીઓને આવા વધુ ઉદાહરણનો મહાવરો કરાવવો.

## ✻ શબ્દમાં લખેલી સંખ્યાઓ શોધી અંકમાં લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | કો | ઓ | ગ | ણ | ચા | ળી | સ | પ | ૩૯ |
| ન | બા | વી | સ | ત્રે | ચા | વી | ન | એ | |
| તે | ર | સ | ત્ત | વી | ર | સૌ | ભ | ક | |
| સ | ત્ર | ચા | ર | સ | ચા | ત્રા | ણું | વ | |
| ત્યા | ણ | ર | બે | વી | સ | ઠ્ઠ | એ | સો | |
| વી | તે | ત્રી | સ | સ | શી | હા | ઠ | ળ | |
| સ | છો | તે | ર | ભ | બે | તા | ળી | સ | |
| સા | ર | ઓ | ગ | ણી | સ | છે | તે | ગો | |
| ત | ને | વુ | દ | તે | છ | પ્પ | ન | અ | |
| ભ | પા | સ | ઠ | તે | હ | પ્પ | છ | અ | |
| આ | સી | ત્તે | ર | બ | એં | શી | ત્રી | તી | |
| ઠ | ભ | ર | બો | તે | ર | ર | સ | ખ | |
| ૨૭, ૨૦ | | | | | | | | | |

✻ આપેલી સાપસિડીના ખાલી ચોરસમાં યોગ્ય સંખ્યા લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૯૯ | ૯૮ | | ૯૬ | ૯૫ | ૯૪ | | ૯૨ | |
| ૮૧ | | ૮૩ | ૮૪ | | ૮૬ | ૮૭ | ૮૮ | ૮૯ | ૯૦ |
| ૮૦ | ૭૯ | ૭૮ | | | ૭૫ | | | ૭૨ | ૭૧ |
| ૬૧ | ૬૨ | | ૬૪ | | ૬૬ | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ |
| | ૫૯ | | ૫૭ | | ૫૫ | ૫૪ | | ૫૨ | ૫૧ |
| ૪૧ | ૪૨ | ૪૩ | | | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | |
| ૪૦ | | ૩૮ | ૩૭ | ૩૬ | ૩૫ | | ૩૩ | ૩૨ | ૩૧ |
| ૨૧ | ૨૨ | ૨૩ | | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૨૦ | ૧૯ | | | ૧૬ | ૧૫ | ૧૪ | | | ૧૧ |
| ૧ | ૨ | ૩ | | | | ૭ | | ૯ | |

## કહો જોઈએ!

✻ આ રમત રમતી વખતે બાજુમાં આપેલી સંખ્યા પર આવતા શું થશે? ૨૮ ૮૮ ૭૦

✻ તમે ૯૨ પર છો, પાસા પર કેટલી સંખ્યા આવે તો તમે સાપના મોઢામાં આવી જશો?

✻ સૌથી લાંબા સાપની પૂછડી પાસેની સંખ્યા કઈ?

સાપસિડીના માધ્યમે વિદ્યાર્થીઓને વિવિધ પ્રશ્ન પૂછવા અને ચર્ચા કરવી.

*  ની કિંમત શોધો.

 = ૮

 +  = ૧૮

 = ☐

*  ની કિંમત શોધો.

 +  = ૧૨

 +  = ૧૦

 = ☐

* આપેલા ચોરસમાં ૨,૩,૪,૫ સંખ્યાઓ એક જ વાર એ રીતે લખો, જેથી તેમનો આડો અને ઉભો સરવાળો ૮ થાય.

| | | |
|---|---|---|
| | | |
| | ૧ | |
| | | |

* આપેલા ચોરસમાં ૨,૪,૭,૯ સંખ્યાઓ એક જ વાર એ રીતે લખો, જેથી તેમનો આડો અને ઉભો સરવાળો ૧૨ થાય.

| | | |
|---|---|---|
| | | |
| | ૧ | |
| | | |

* આપેલા ચોરસમાં ૧,૨,૪,૫,૬ સંખ્યાઓ એક જ વાર એ રીતે લખો, જેથી તેમનો આડો અને ઉભો સરવાળો ૧૨ થાય.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | ૩ | | |
| | | | |

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

गणित इयत्ता दुसरी (गुजराती माध्यम)

₹ 79.00

